Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:203 Dt.09-06-2021 (Wednesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# બાળકોને ગંભીર અસર થવાનો ખતરો નથી : એઈમ્સ

## ખાનગી હોસ્પિટલો માટે વેક્સિનના ભાવ નિશ્ચિત કરાયા

## વેક્સિનના ૪૪ કરોડ ડોઝનો ઓર્ડર આપતું કેન્દ્ર

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૯

દેશમાં કોરોનાના કેસ એકદમ હવે નીચે આવી રહયા છે અને મૃત્યુ આંક પણ ઘટી રહયો છે ત્યારે સરકારે વ્યાપક અને સઘન રસીકરણ માટેની તૈયારીઓ આરંભી દીધી છે. બાકીના તમામ દેશવાસીઓને પણ ઝડપથી રસી આપી શકાય એ માટે કેન્દ્ર સરકારે કોવિશીલ્ડ અને કો-વેક્સિન રસીના ૪૪ કરોડ ડોઝ ખરીદવાનો ઓર્ડર આપી દીધો છે. બીજી તરફ સરકારે એવી મહત્વની હૈયા ધારણા પણ આપી છે કે, બાળકો પર હાલ તાકિદે કોઇ ભય નથી.

સરકારી સુત્રોએ જણાવ્યા મુજબ દેશમાં ૬૩ દિવસ બાદ પહેલી વખત કોરોનાના કેસ ૧ લાખથી પણ ઓછા નોંધાયા છે. સરકારે સીરમ ઇન્સીટયુટ પાસેથી કોવિશીલ્ડના ૨૫ કરોડ ડોઝ અને ભારત બાયોટેકની કો-વેક્સિન રસીના ૧૯ કરોડ ડોઝ માટે ઓર્ડર આપી દીધો છે. ભારત બાયોટેક અને સીરમના અધિકારીઓએ જણાવ્યું હતું કે, સરકારે વેક્સિનના ડોઝની ખરીદી માટે 30 ટકા રકમનું ચુકવણું અગાઉથી કરી દીધુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં ૧૮થી વધુ વર્ષની વયના તમામને મફત રસી આપવાની જોરદાર ઘોષણા કર્યાના બીજા જ દિવસે સરકારે રસીની ખરીદીનો અર્ડર આપી દીધો છે.

સરકારે ખાનગી હોસ્પિટલો માટે પણ વેક્સિનનું ભાવ બાધણુ કર્યુ છે. કોવિશીલ્ડના એક ડોઝ માટે રૂ.૭૮૦, કો-વેક્સિનના એક ડોઝ માટે રૂ.૧૪૧૦ અને સ્પુટનીક-વી નામની રશિયન રસી માટે રૂ.૧૧૪૫ ભાવ સરકારે ખાનગી હોસ્પિટલો માટે નક્કી કર્યો છે. આરોગ્ય મંત્રાલય દ્વારા રાજયોને તાકિદ કરવામાં આવી છે કે, ખાનગી હોસ્પિટલો કેન્દ્ર દ્વારા નિશ્ચિત ભાવથી વધુ ભાવ ન પડાવે એ શુનિશ્ચિત કરવાનું રહેશે.

સીરમ કંપની ખાનગી હોસ્પિટલોને એક ડોઝ દીઠ

(અનુ.પાના નં.૪ ઉપર)

## મફત અનાજ અને વેક્સિનની યોજનાથી કેન્દ્રની તિજોરી પર રૂ.૧.૨૫ લાખ કરોડનો જંગી બોજો

# મુંબઇ પ્રથમ ભારે વરસાદમાં જ પાણી.. પાણી..

## ઠેર-ઠેર પાણી ભરાતા પરાની ટ્રેન સેવા અટકી પડી, જન જીવન થંભી ગયું



(એજન્સી સમાચાર)

મુંબઇ, તા.૯

નૈઋત્યના ચોમાસાએ આખરે મહાનગર મુંબઇના આંગણે પ્રવેશ કરી લીધો છે. ગઇકાલ સાંજથી ભારે વરસાદ પડવાનો શરૂ થતાં રાબેતા મુજબ મહાનગર જળબંબાકાર થઇ રહયું છે. પરાની ટ્રેન સેવાઓ અટકી પડી છે. બેસ્ટની બસના રૂટ બદલવા પડયા છે. ચારે તરફ પાણી ભરાતા જનજીવન થંભી ગયું છે. મુંબઇ ઉપરાંત રાજયના અનેક વિસ્તારોમાં તેમજ તેંલગણા, આંધ્ર પ્રદેશ, ઓરીસ્સા અને પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ તુટી પડયાના વાવડ મળ્યા છે. મુંબઇમાં એક દિવસ વહેલુ ચોમાસુ આવી ગયું છે. હજુ વાદળ છાયું વાતાવરણ છે. કોલાબા અને સાંતાકુઝમાં બે થી

(અનુ.પાના નં.૪ ઉપર)

## ઇંધણના ભાવ બેલગામ: પેટ્રોલ કરતા ડિઝલના ભાવ વધુ

### ફરી એકવાર પેટ્રોલમાં ૨૪ પૈસા, ડિઝલમાં ૨૭ પૈસાનો વધારો




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૯

દેશની ઓઇલ કંપનીઓની જોહુકમીને કારણે જનતા લાચાર બનીને ઇંધણનો ભાવ વધારો સહન

(અનુ.પાના નં.૪ ઉપર)

# કાનપુરમાં ગમખ્વાર અકસ્માતમાં ૧૭નાં કરૂણ મોત

## કાનપુરથી અમદાવાદ આવતી બસ બીજી બસ સાથે ટકરાતા કરૂણાંતીકા

## મૃતકોના પરિવારોને રૂ.૨-૨ લાખની સહાય

## કાનપુર શહેરમાં સર્જાયેલી હોનારત અંગે દુઃખ વ્યકત કરતા મુખ્યમંત્રી યોગી

(એજન્સી સમાચાર)

કાનપુર, તા.૯

ઉત્તરપ્રદેશના કાનપુરના સચેન્ડીમાં મંગળવારે એક મોટી દુર્ઘટના ઘટી છે. જેમાં લગભગ ૧૭ લોકોનાં મોત થયા હોવાના સમાચાર મળી રહ્યાં છે. તો 30 જેટલાં લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી ૧૬ની સ્થિતિ ગંભીર ગણાવવામાં આવી રહી છે. તેઓને હોસ્પિટલ પહોંચાડવા માટે એમ્બ્યુલન્સ પણ ઓછી પડી છે. ઈજાગ્રસ્તોને લોડરની મદદથી જ હોસ્પિટલ મોકલવામાં આવી રહ્યાં છે. હાલ અનેક લોકો દબાય ગયા હોવાની માહિતી મળી રહી છે જેને કાઢવાના પ્રયાસો થઈ રહ્યાં છે. દુર્ઘટના બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેઓએ દુર્ઘટનાની તપાસના આદેશ આપી દિધા છે.

મળતી માહિતી મજુબ જય અંબે ટ્રાવેલ્સની સ્લીપર બસ કાનપુરથી ગુજરાતના અમદાવાદ જઈ રહી હતી. જેમાં લગભગ ૪૫ લોકો



સવાર હતા. કાનપુરથી ૧૦ કિલોમીટર દૂર જેવી બસ કિસાન નગર પહોંચી કે પાછળથી એક DCMએ ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન સામેથી આવી રહેલા બીજા ટેમ્પ વચ્ચે ફસાઈ ગઈ અને આ દુર્ઘટના ઘટી હતી. ટેમ્પોમાં સવાર તમામ લોકોના મોત થયા હોવાના સમાચાર છે. આ ઉપરાંત બસમાં સવાર કેટલાંક લોકોના મોત નિપજ્યા છે.

ઘટનાસ્થળ પર પહોંચેલી પોલીસે ઘાયલોને બહાર કાઢવાનું શરૂ કરી દીધું છે. આ ઉપરાંત લોડરમાં ભરીને અનેક મૃતદેહ હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે. એક લોડરમાં ૭-૭ શબ રાખીને હેલટ હોસ્પિટલ લઈ જવાયા. આવા કરૂણ દ્રશ્યો જોઈને દરેક લોકો હલબલી ગયા. હેલટ હોસ્પિટલ દ્વારા એલર્ટ જાહેર કરાયું છે. ડોકટર્સ અને મેડિકલ સ્ટાફને ઘરેથી પરત બોલાવવામાં આવ્યા છે.

કાનપુરના સચેન્ડીમાં થયેલા માર્ગ અકસ્માતમાં સીએમ યોગીએ દુઃખ વ્યક્ત કર્યું છે. વરિષ્ઠ અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને સંભવિત મદદ કરવાનું કહ્યું છે. મૃતકોના પરિવારને ૨ લાખ રૂપિયાની આર્થિક સહાયતા આપવાની જાહેરાત કરી છે.

## બાબા રામદેવ વિરૂધ્ધ પટણામાં પોલીસ ફરીયાદ દાખલ થતા હલચલ



(એજન્સી સમાચાર)

પટણા, તા.૯

એલોપેથી અને આયુર્વેદ વચ્ચેનો જંગ હવે વાકયુધ્ધમાંથી આગળ વધીને હવે પોલીસના આંગણે પહોંચી ગયો છે. ઇન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા યોગ ગુરૂ બાબા રામદેવ વિરૂધ્ધ પટણામાં પોલીસ ફરીયાદ

(અનુ.પાના નં.૪ ઉપર)

# ભારતીય સેના પલકવારમાં મોરચો માંડી, વીજળીક ઝડપે ત્રાટકશે

## ભવિષ્યની યુધ્ધ રચના માટે જોશભેર તૈયારીઓનો પ્રારંભ, ૫ હજાર સૈનિકો સાથે અલગ પ્રકારના ફાઈટીંગ યુનીટ રચાશે, દરેક યુનીટમાં તોપ, ટેન્ક, પાયદળ, એરડિફેન્સ અને ઇજનેરી યુનીટ, ભાવી યુધ્ધ માટેના આ નવા યુનીટ આઇબીજી તરીકે ઓળખાશે



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૯

ભવિષ્યમાં કોઇ પણ યુધ્ધનો સામનો કરવા માટે ભારતીય સેના અને જવાનોને ખાસ તાલીમ આપવાના કાર્યક્રમનો પ્રારંભ થઇ ચુકયો છે. ઘડીના છઠ્ઠાભાગમાં એકત્ર થઇ વીજળીક ઝડપે દુશ્મનો પર ત્રાટકવાની ક્ષમતા ધરાવતા ખાસ આઇબીજી યુનીટની રચના કરવામાં આવી રહી છે. તેમ લશ્કરના ઉચ્ચ સ્તરીય સુત્રોએ જણાવ્યું હતું. પ્રારંભીક તબક્કામાં ૫ હજાર સૈનિકો સાથેના ઇન્ટીગ્રેટેડ બેટલ ગૃપની રચના કરવામાં આવશે. આ યુનીટને ઝડપથી એકત્ર થઇ દુશ્મનો પર વિજળી વેગે ત્રાટકવાની નવી યુધ્ધ રચનાની તાલીમ આપવામાં આવી રહી છે. આવા એક એક યુનીટમાં સૈનિકો ઉપરાંત પાઇદળ, ટેન્કો, તોપખાનુ, એરડિફેન્સ અને સિંગનલ વગેરેની કામગીરી કરતા ઇજનેરી યુનિટોનો સમાવેશ કરવામાં આવશે. ૨૦૨૨નાં પ્રારંભ સુધીમાં ભારતીય સેનાના આ ઝાબાજ ઝડપી યુધ્ધ લડાયકોના યુનીટ તૈયાર થઇ જશે તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ભારતીય સેનાના વડા જનરલ એમ.એમ.નારવણેએ જણાવ્યું હતું કે, ભવિષ્યમાં યુધ્ધ કેવી રીતે લડવા તેની લાંબા સમયથી વિચારા ધિન પ્રક્રિયાના ભાગ રૂપે આ નવા યુનિટ તૈયાર કરવામાં આવી રહયા છે. અત્યારે ઓપરેશન કામગીરી પુર જોશમાં ચાલુ છે. ભવિષ્યના યુધ્ધો ઝડપથી ટુંકા સમયમાં જીતી શકાય એ રીતે ભારતીય જવાનોને વધુ તાકાતવાન બનાવવા અને લશ્કરી માળખામાં સુધારા કરવાનું આયોજન થઇ રહયું છે. આવા અલગ

(અનુ.પાના નં.૪ ઉપર)

# માં અમૃતમ અને વાત્સલ્ય કાર્ડ દરેક લાભાર્થીને વ્યકિતગત અપાશે

## રાજય સરકારના બહુ મોટા નિર્ણયની જાહેરાત કરતા નીતિન પટેલ

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૯

આજે વેક્સિન, આરોગ્ય માળખાથી માંડીને લોકડાઉનના નિયંત્રણો સુધીના મુદ્દાઓ પર ગુજરાત કેબીનેટની ખાસ બેઠક યોજાઇ હતી જેમાં એક બહુ જ મહત્વનો અને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

બેઠક બાદ નાયબ

(અનુ.પાના નં.૪ ઉપર)

# ભગવાન જગન્નાથજીની રથયાત્રા અંગે હજુ અનિશ્ચિતતા

## અષાઢી બીજના દિવસે પરંપરા મુજબ યાત્રા નીકળશે?, સરકાર દ્વારા ૨૪ જૂન પહેલા આખરી નિર્ણય લેવાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૯

અમદાવાદમાં પરંપરા મુજબ દર વર્ષે અસાઢી બીજના દિવસે નીકળતી ભગવાન જગન્નાથજીની રથયાત્રાના કાર્યક્રમને છેલ્લા ૨ વર્ષથી કોરોનાને કારણે ગ્રહણ લાગી ગયું છે. કોરોનાના પહેલા રાઉન્ડ સમયે ૨૦૧૯માં પણ રથયાત્રા માત્ર પ્રતિકાત્મક

(અનુ.પાના નં.૪ ઉપર)




# સુરત ભાજપમાં ભંગાણ 300 કાર્યકરો આમ આદમી પાર્ટીમાં જોડાયા વરાછામાં હલચલ મચી

(એજન્સી સમાચાર)

સુરત, તા.૯

સુરતમાં દિવસે દિવસે પ્રગતી કરી રહેલી આમ આદમી પાર્ટીએ ભાજપને વધુ એક ઘણનો ઘા માર્યો છે. ભાજપ યુવા પાંખના ૩૫ સભ્યો 'આપ'માં જોડાઇ ગયાના ગણતરીના દિવસોમાં જ ફરીવાર ભાજપના ૩૦૦થી વધુ કાર્યકરો રવિ અને સોમવારે 'આપ'માં જોડાઇ ગયા હતા. આથી સુરત ભાજપમાં ભુકંપ સર્જાયો છે. સુરત થી નવસારી સુધી જેમની હાક બોલે છે તેવા ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની છાવણીમાં પણ હડકંપ મચી ગયો છે.

રવિવારે ભાજપના યુવા પાંખના નેતા ભાવેશ રાદડીયાની આગેવાની હેઠળ ૨૦૦ કાર્યકરો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. તેમ 'આપ'ના રાજય કક્ષાના પ્રવકતા યોગેશ જાદવાણીએ જણાવ્યું હતું. સોમવારે સુરત પાસેના કઠોદરા ગામના ૧૦૦થી વધુ ભાજપી કાર્યકરો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. સુરત શહેર ભાજપના પ્રમુખ નીરંજન ઝાંઝમેરાએ જણાવ્યું હતું કે, અમે વરાછા વિસ્તારમાં પક્ષના યુવા નેતાઓના સંપર્કમાં છીએ અને એમને પક્ષ ન છોડવાની વિનંતી કરી રહયા છીએ.

વરાછામાં બહુ મોટુ ભંગાણ પડયું છે. ૧૦ વર્ષથી ભાજપ સાથે જોડાયેલા વિપુલ શખીયાએ જણાવ્યું હતું કે, પક્ષમાં જુના કાર્યકરોની અવગણના થઇ રહી છે અને નવા આવેલાને હોદ્દાની લહાણી કરવામાં આવે છે. અમે આપના નેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની કામગીરી જોઇ છે. અમે ભાજપમાંથી રાજીનામાં ધરી દીધા છે. ભાજપની કામ કરવાની પધ્ધતી હવે યુવાનો સમજી ગયા છે. ભાજપ માત્ર ખોટા વચનો આપે છે.




માર્કેટીંગ માટે છોકરા તેમજ છોકરી જોઇએ છે
મો.૯૪૦૯૭ ૫૭૦૬૨

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો
http://www.saurashtrakranti.com/subscribe/

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

## તંત્રી સ્થાનેથી...

### દેશમાં હળવો પડતો કોરોનાના

દેશમાં ૬૩ દિવસ બાદ સૌપ્રથમ વખત કોરોનાના કેસ એક લાખથી ઓછા નોંધાયા છે અને દૈનિક પોઝિટિવિટી રેટ ઘટીને ૪.૬૨ ટકા થયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના મતે દેશમાં વિતેલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૮૬,૪૯૮ કેસ નોંધાયા હતા જે છેલ્લા ૬૬ દિવસમાં સૌથી ઓછા છે. આ સાથે જ કોરોનાના કુલ સંક્રમિત કેસોની સંખ્યા ૨,૮૯,૯૬,૪૭૩ પર પહોંચી છે. એક દિવસમાં વધુ ૨,૧૨૩ દર્દીના મોત થયા હતા જે ૪૭ દિવસમાં સૌથી ઓછો આંક રહ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાથી મૃત્યુ પામેલા લોકોનો આંક વધીને ૩,૫૧,૩૦૯ થયો હતો. અગાઉ ૨ એપ્રિલના રોજ કોરોનાના દૈનિક ૮૧,૪૬૬ કેસ નોંધાયા હતા.

કોરોનાનો ડેઈલી પોઝિટિવિટી રેટ સતત ૧૫માં દિવસે ૧૦ ટકા નીચે રહ્યો હતો. દેશમાં કોરોના સામે રાજ્યોએ લાગુ કરેલા કડક પગલાંને લીધે છેલ્લા પખવાડિયામાં નવા સંક્રમણના કેસોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. સાપ્તાહિક પોઝિટિવિટી રેટ પણ ઘટીને ૫.૯૪ ટકા રહ્યો હતો. કોરોના હળવો પડતા દેશમાં સક્રિય કેસો પણ ઘટીને ૧૩,૦૩,૭૦૨ થયો હતો અને રિકવરી રેટ સુધારા સાથે ૯૪.૨૯ પર પહોંચ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૯૭,૯૦૭ કેસો ઘટ્યા હતા. સોમવારે ૧૮,૭૩,૪૮૫ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું હતું. અત્યાર સુધીમાં કુલ ૩૬,૮૨,૦૭,૫૯૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. સતત ૨૬માં દિવસે કોરોનાના નવા કેસોની તુલનાએ રિકવર થયેલા દર્દીઓનો આંક વધુ રહ્યો હતો. કોરોના સંક્રમણમાંથી સ્વસ્થ થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૨,૭૩,૪૧,૪૬૨ થઈ છે. કોરોનાથી મૃત્યુનો દર ૧.૨૧ ટકા નોંધાયો હોવાનું મંત્રાલયે જણાવ્યું હતું.દેશમાં કોરોના રસીકરણ કાર્યક્રમમાં અત્યાર સુધીમાં સરેરાશ ૨૩,૬૧,૯૮,૭૨૬ લોકોને કોરોના રસી આપવામાં આવી છે. દેશમાં વિતેલા ૨૪ કલાકમાં ૨,૧૨૩ દર્દીના મોત થયા હતા જેમાં તામિલનાડુમાં ૩૫૧, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ૩૪૦, કેરળમાં ૨૧૧ અને પશ્ચિમ બંગાળમાં ૧૦૩ દર્દીનો સમાવેશ થાય છે. ભારતમાં ૫ એપ્રિલના રોજ પહેલીવાર કોરોના વાયરસના એક લાખથી વધુ કેસ નોંધાયા હતા. તે વખતે ૨૪ કલાકમાં ૧ લાખ ૩ હજાર ૮૪૪ નવા કેસ નોંધાયા હતા. આ સાથે જ અમેરિકા બાદ ભારત બીજો એવો દેશ બની ગયો હતો જ્યાં એક જ દિવસમાં કોરોનાના એક લાખથી વધુ કેસ નોંધાયા હતા.

## ઈંધણના ભાવ વધારાના વિરોધમાં કોંગ્રેસ દ્વારા દેશભરમાં વ્યાપક આંદોલન કરવાની ચેતવણી અપાઈ

# રાજકોટમાં કેન્દ્રના પૂરાત્તવ વિભાગનું અલગ ડીવીઝન શરૂ

### રાજકોટના ઢાંકની બોધ્ધ ગુફા, દ્વારકાધીશ, ધોળાવીરા, જૂનાગઢ બોધ્ધગુફા, અશોક-શિલાલેખ ગાંધીજીનું જન્મ સ્થાન સહિત કુલ ૪૪ સ્મારકો : રાજકોટની જૂની કલેકટર કચેરી ખાતે શરૂ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા.૯

રાજકોટની ઢાંક સહિત સમગ્ર ગુજરાતમાં કેન્દ્રની પુરાતત્વ ખાતા હસ્તક દીવ-દમણ સહિત ગુજરાતમાં કુલ ૨૧૪ જેટલા ઐતિહાસિક-જોવા લાયક રક્ષિત સ્મારકો ચાલેલા છે. જેની જાળવણી-સાફ સફાઇ સહિતની કામગીરી વડોદરામાં આવેલ એકમાત્ર કેન્દ્રની પુરાતત્વ કચેરી દ્વારા થઇ રહી હતી, પરંતુ સ્ટાફના અભાવે ભારે મુશ્કેલી અનુભવાતી હતી, દરમિયાન રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની એવી પ્રગાઢ ઇચ્છા હતી કે વડોદરા કચેરીનું બાયફરકેશન કરી રાજકોટને અલગથી આખા સૌરાષ્ટ્ર-કચ્છ માટે ડિવીઝન અપાય, અને આ ઇચ્છા ફળીભૂત થઇ છે , કેન્દ્રની સાંસ્કૃતિક વિભાગે રાજકોટને સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લામાં આવેલા કેન્દ્ર સરકાર હસ્તકના કુલ ૪૪ જેટલા રમણીય-ઐતિહાસિક-જોવા લાયક અને દેશ-વિદેશના પર્યટકોમાં અત્યંત આકર્ષિત બનેલા સ્મારકોની જાળવણી માટે અલગથી ડિવિઝન કચેરી મંજુર કરી દેતા, આ કચેરી રાજકોટની જૂની કલેકટર કચેરીમાં આવેલ કેન્ટીનમાં ૧ મહિનાથી કાર્યરત બની ગઇ છે.

આ કચેરીમાં હવે સુપ્રિ. ઓફ પુરાતત્વવિદ, સર્વેયર સહિત કુલ ૮નો સ્ટાફ કાર્યરત બન્યો છે, તો સૌરાષ્ટ્ર-કચ્છ માં આવેલા ૪૪ સ્મારકો માટે ૨૫નો ફિલ્ડ સ્ટાફ પણ મૂકી દેવાયો છે. આજે મુલાકાત સમયે અધિકારી સુત્રોએ ઉમેર્યુ હતું કે, રાજકોટ ડિવિઝન હેઠળ હવે મોરબી, સુરેન્દ્રનગર, હળવદ સહિત સૌરાષ્ટ્ર-કચ્છને આવરી લેવાયા છે, અને કુલ ૪૪ સ્મારકોમાંથી વિખ્યાત રાજકોટના ઢાંકની બોધ્ધગૂફા, વિશ્વ વિખ્યાત દ્વારકાધીશ મંદિર, ગાંધીજીનું જન્મ સ્થળ - કિર્તી મંદિરનો અમૂક ભાગ, તળાજાની ગૂફાઓ, ધોળા-વીરા જુનાગઢની બોધ્ધગુફા, અશોક શીલાલેખ સહિત કુલ ૪૪ સ્મારકોની જાળવણી રાજકોટની મેઇન કચેરીએથી થશે. કેન્દ્રની આ કચેરી હેઠળ જુનાગઢ, દ્વારકા, ભુજની પણ કચેરીઓ આવેલી છે, પરંતુ રાજકોટ મેઇન રહેશે.

સાધનોએ ઉમેર્યુ હતું કે રાજકોટ - સૌરાષ્ટ્ર-કચ્છના આ ૪૪ સ્મારકોની મુલાકાતે પર્યટકો જવા માંગતા હોય તો તેમણે વડોદરા કચેરીએ જવાને બદલે રાજકોટ કચેરીમાં સંપર્ક કરશે તો તેમને નજીક પણ પડશે, અને સીધુ

#### હવે વડોદરા કચેરીએ જવું નહીં પડે

માર્ગદર્શન મળી રહેશે. રાજકોટની કચેરી દ્વારા હવે નવી જગ્યા અંગે કલેકટર સમક્ષ ડીમાન્ડ પણ કરનાર છે, રાજકોટના અધિકારીઓ આ પહેલા એડી. કલેકટરને પણ મળ્યા હતાં. તાજેતરના વાવાઝોડામાં સૌરાષ્ટ્ર-કચ્છના આ ૪૪ માંથી કોઇ સ્મારકને નુકશાન કે કેમ તે અંગે અધિકારી સૂત્રોએ ઉમેર્યુ હતું કે એક પણ સ્મારકને નુકશાન નથી, અને હાલના આ સ્મારકોમાં ડેવલપમેન્ટ અંગે વડી કચેરીએથી આદેશ બાદ કાર્યવાહી થશે.

## રેસકોર્સ મેદાનમાં જાહેર જનતાના પ્રવેશ ઉપર પ્રતિબંધ





(તસવીરઃ પંકજ ડાભી)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ,તા.૯: વર્તમાન કોરોના મહામારીનાં કારણે લોકોની ભીડ એકઠી ન થાય માટે તંત્ર વાહકો દ્વારા રેસકોર્ષ બગીચામાં પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ દરમિયાન ફન વર્લ્ડ બાજુમાં આવેલ રેસકોર્સ મેદાનનાં ચારેય દરવાજા સીલ કરી આ મેદાન જાહેર જનતા માટે બંધ કરી દેવાતા લોકોમાં ભારે કચવાટ ફેલાયો છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ રેસકોર્ષ મેદાનમાં સવારે ક્રિકેટ રમતા રમતવીરો અને મોર્નીંગ વોકમાં આવતા લોકોની ભીડ જામતી હોય સાંજે પણ અહીં અનેક લોકોની ભીડ જોવા મળતી હોય કોરોના સંક્રમણ ફેલાય નહિ તેવા હેતુથી તંત્ર વાહકોએ છેલ્લા ત્રણ-ચાર દિવસથી આ મેદાનનો એરપોર્ટ તરફનો તેમેજ પોલીસ કમિશ્નર બંગલા સામેનો અને ફન વર્લ્ડ બાજુનો તથા એથ્લેટીક ગ્રાઉન્ડ વાળા રસ્તા એમ આ ચારેય મુખ્ય પ્રવેશ દ્વારો ફરતે પતરા લગાવી સીલ કરી દેવાયા છે. જેના કારણે હવે આ મેદાનમાં જાહેર જનતાને પ્રવેશ નિઃષેધ થઇ ગયો છે.

## 'તને પુત્રી કેમ આવી, પુત્ર કેમ ન થયો' કહીં પરિણીતાને સાસરિયાનો ત્રાસ

### પારસણા નગરની પરિણીતા સાથે પતિ સહિત સાસરિયાએ મારકૂટ કરતા ફરિયાદ નોંધાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ, તા.૯

તને છોકરી કેમ આવી, છોકરો કેમ ન આવ્યો કહીને પતિએ તેની પત્નીને મારકૂટ કરી પિયરમાં કાઢી મુક્યા અંગેની ફરિયાદ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

ગાંધીગ્રામમાં કષ્ટભંજન ચોક શેરી. ૨ માં માવતરે રહેતી આરતી વિજયભાઈ સોલંકી (ઉ.વ.૩૨) એ મહિલા પોલીસ સ્ટેશનમાં તેના પતિ વિજય સોલંકી ને સસરા ધીરુ સોલંકી, સાસુ લક્ષ્મી સોલંકી, દિયર પ્રકાશ સોલંકી, નણંદ રસીલા સોલંકી (રહે. બધા ન્યુ પરસાણા નગર શેરી.૧૩) સામે ફરિયાદ નોંધાઈ છે. પી.એસ.આઈ જી.જી.ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં આરતીબેન સોલંકીએ જણાવ્યું હતું કે લગ્નનાં દોઢ વર્ષ સુધી સારી રીતે રાખી હતી. બાદમાં તેનો પતિ શંકા-કુશંકા કરી નાની-નાની બાબતોમાં ઝઘડો કરી મારકૂટ કરતો હતો. જયારે નણંદ તથા સાસુ રસોઈ બનાવવા જેવી બાબતોમાં મેણા-ટોણા મારતા હતા.

મારી દિકરી રિધ્ધિનો જન્મ થયા બાદ એક સાથે થઇ તને છોકરી આવી? છોકરો કેમ ન આવ્યો? કહીને મારકૂટ કરી લેતા હતા. છ મહિનાથી ચાલતા શારીરિક-માનસિક ત્રાસથી કંટાળી હું ઘરે ચાલી ગઈ હતી.

## ૧૭ જૂનથી ડિપ્લોમામાં પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ કરાશે

**(એજન્સી સમાચાર)**
અમદાવાદ,તા.૯

ધોરણ ૧૦માં વિદ્યાર્થીઓને માસ પ્રમોશનની જાહેરાત બાદ માર્કશીટ અપાઈ ન હોવાથી તેમજ ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ અંગેના નિયમોની હજી સુધી જાહેરાત ન કરવામાં આવી નથી. છતાં ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટેના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવા એડમિશન કમિટી દ્વારા ૧૭મી નક્કી કરવામાં આવી છે. લાખો વિદ્યાર્થીઓ-વાલીઓ અને કોલેજ સંચાલકો ભારે મૂંઝવણભરી સ્થિતિમાં મૂકાઈ ગયા છે.

ડિપ્લોમા પ્રવેશ કમિટીએ આ અંગે વિવિધ ડિપ્લોમા ઈજનેરી કોલેજોના પ્રિન્સિપાલને પત્ર લખીને આ સમગ્ર બાબતે જાણ કરશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા માટેની જાહેરાત સરકારે કરી હતી. જેમાં આઠ લાખથી વધુ વિદ્યાર્થીઓને માસ પ્રમોશનનો લાભ મળવાનો છે. જો કે આ વિદ્યાર્થીઓના પરિણામ પછી પ્રવેશના નિયમોની જાહેરાત બાબતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી જ નથી. આવી વિષમ પરિસ્થિતિ વચ્ચે એસીપીડીસી (એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ) તરફથી ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન માટેની કાર્યવાહીનો ૧૭ જૂનથી પ્રારંભ કરવામાં આવશે.

રજિસ્ટ્રેશન પ્રક્રિયા વેબસાઈટ પર મુકવામાં આવશે. એસીપીડીસીના મેમ્બર સેક્રેટરીએ ડિપ્લોમા ઈજનેરી કોલેજોના આચાર્યોને પત્ર લખીને જાણ કરશે. ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા ઈજનેરીના પ્રથમ વર્ષમાં પ્રવેશ પ્રક્રિયા વર્ષ ૨૦૨૧ અન્વયે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ડિપ્લોમા ઈજનેરીની વેબસાઈટમાં મૂકવામાં આવશે.

દરેક સંસ્થાએ પ્રવેશ ઈચ્છુક ઉમેદવાર, વાલીઓને યોગ્ય માહિતી મળી રહે તે હેતુસર સોશિયલ ડિસ્ટન્સ, ફેસ માસ્ક કવર સહિતની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

## ધો.૧૦ના વિદ્યાર્થીઓના એલસીમાં માસ પ્રમોશન લખાશે

**(એજન્સી સમાચાર)**
ગાંધીનગર,તા.૯

ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. શિક્ષણ બોર્ડે દ્વારા તમામ ડીઇઓને સૂચના આપી દેવામાં આવી છે કે ધો.૧૦ના વિદ્યાર્થીઓના એલસીમાં માસ પ્રમોશન લખાશે, પરંતુ માર્કશીટમાં માસ પ્રમોશન નહીં લખાય. એલસીમાં રિમાર્કના ખાનામાં માસ પ્રમોશન લખવાનો નિર્ણય કર્યો છે. તમને જણાવી દઈએ કે ધો.૧૦માં માસ પ્રમોશન આપ્યા બાદ માર્કશીટ કેવી રીતે તૈયાર કરવી તેની રામાયણ ઘણા દિવસોથી ચાલી રહી હતી. પરંતુ આખરે આ મુદ્દા પર નિરાકરણ આવી ગયું છે.

ધો-૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું છે ત્યારે શિક્ષણ વિભાગે વિદ્યાર્થીને માર્કર્સ આપવાની પદ્ધતિ પણ જાહેર કરવામાં આવી છે. જેના આધારે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને પાસ કરવામાં આવશે. આ પદ્ધતિ મુજબ બે ભાગમાં માર્કર્સ અપાશે. પ્રથમ ભાગમાં શાળાકીય આંતરિક મૂલ્યાંકન કરાશે. જે કુલ ૨૦ માર્કર્સનું હશે. તો બીજા ભાગમાં ૮૦ ગુણનું મુલ્યાંકન કરાશે.

આજથી ગુજરાતભરની શાળાઓમાં ધોરણ.૧૦ના પરિણામને લગતી મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરાશે. ધો.૧૦ના વિદ્યાર્થીઓની માર્કશીટમાં માસ પ્રમોશનનો ઉલ્લેખ કરવામાં નહી આવે પરંતુ શાળા છોડ્યાના પ્રમાણપત્રમા રીમાર્કસના ખાનામાં માસ પ્રમોશનનો ઉલ્લેખ કરવામાં આવશે. આ અંગે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે તમામ ડીઈઓને સુચના આપી છે.

૧૭ જૂન સાંજે ૫ વાગ્યા સુધી

#### માર્કશીટમાં માસ પ્રમોશન નહીં લખાય

તમામ શાળાઓએ વિદ્યાર્થીઓના માર્ક અપલોડ કરી દેવાના રહેશે. પરીક્ષાર્થીઓના ગુણ, પરીક્ષાર્થીઓના નામ અને એપ્લિકેશન નંબરના આધારે તમામ વિગતો ભરવાની રહેશે. ઓનલાઇન ગુણ ભરવા માટે શાળાના ઈન્ડેક્ષ નંબર અને નોંધાયેલા મોબાઇલ નંબરનો ઉપયોગ કરી લોગીન કરી શકાશે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા.૦૯-૦૬-૨૦૨૧, બુધવાર, વૈશાખ વદ-૧૪, સૂર્યોદય-૫-૨૨, સૂર્યાસ્ત-૭-૧૭, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ કૃતિકા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## પોરબંદરમાં બોપલર કોન્ટ્રાકટરના મકાનમાંથી રૂ.૧.૫૦ લાખની ચોરી

### ડુપ્લીકેટ ચાવીથી તિજોરી ખોલી રૂ.૧ લાખના ઘરેણા, રૂ.30 હજારની રોકડની ચોરી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ, તા.૯

પોરબંદરના સુતર વાડામાં રહેતા બોપલર કોન્ટ્રાકટરના મકાનને તસ્કરોએ નિશાન બનાવી રૂ.૧ લાખની કિંમતનું સોનું રૂ.૩૦૦૦ રોકડ ચોરી જતા ખળભળાટ જવા પામ્યો છે.

ચોરીના બનાવ અંગે પોરબંદરના સુમરવાડીમાં રહેતા કમલેશ કુમાર પ્રેમશંકર પંડ્યા (ઉ.વ.૫૮) એ કીર્તિમંદિર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો સામે મકાનનું ડુપ્લીકેટ ચાવીથી તાળું ખોલી રોકડ-સોનાની ઘરેણા મળી રૂ.૧,૩૦,૦૦૦ નો મુદ્દામાલ ચોરી ગયાની ફરિયાદ નોંધાવી છે.

ફરીયાદી કમલેશે જણાવ્યું છે કે, પોતાનું અહેમદાબાદ સિવિલમાં ઓપન હાર્ટ સર્જરીનું ઓપરેસન હોય, તે અરસામાં અજાણ્યા તસ્કરો ડુપ્લીકેટ ચાવી વડે તિજોરીમાં રાખેલું દાગીના ભરેલું પર્સ, તથા રોકાડ રૂ.30000 નો મુદ્દામાલ ચોરી કરી નાસી છુટ્યા હતા.

### સામ-સામે ૭ શખ્સો સામે ગુનો નોધાયો

## પોરબંદરના બે જૂથ વચ્ચે અથડામણ : ત્રણ ઘવાયા

### એક વર્ષ પૂર્વે થયેલી માથાખુટનો ખાર રાખી બન્ને જુથ ધોકા,તલવાર પાઈપ સાથે એકબીજા પર તૂટી પડ્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ, તા.૯

પોરબંદરના વીરડી પ્લોટ નજીક જૂની ખડપીડ પાસે જુના મનદુઃખમાં બે જૂથો વચ્ચે ધોકા પાઇપ, તલવાર જેવા ઘાતક હથિયારો વડે મારામારી થતા ત્રણ લોકોને ઇજા થતા સારવાર અર્થે સીવીલી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. કીર્તિમંદર પોલીસે બને જૂથોની ક્રોસ ફરિયાદ પરથી સાત શખ્સો સામે ગુનો નોંધી, સ્થાનિક વિસ્તારમાં ચાપતો બંદોબસ્ત ગોઠવી દીધો છે.

મારામારીના બનાવ અંગે પોરબંદરના શીતલા ચોકમાં રહેતા અજામ અહેમદ મોદી (ઉ.વ.૨૮) એ કીર્તિ મંદિર પોલીસ સ્ટેશનમાં એક વર્ષ પૂર્વ થયેલા ઝઘડાનો ખાર રાખી સીદીક અનવર, ઇમરાન અનવર, અસ્લમ અનવર એ લોખંડના પાઇપ વડે હુમલો કરવાની ધોકા ફરિયાદ નોંધાવી છે.

રાત્રીના અંજામ મોદી અને પાસીમ સુલેમાન ઘર પાસે બેઠા હતા ત્યારે જુના ઝઘડાનો મારરાખી ત્રણેય શખ્સો ધોકા-પાઈપ વડે હુંમલો કરી ખૂનની ધમકી હતી જયારે સામાં પક્ષે પોરબંદરના વીરડી પ્લોટમાં રહેતા ઇમરાન સનવર મલેક (ઉ.વ.૩૨) એ કીર્તિ મંદિર પોલીસ સ્ટેશનમાં એક વર્ષ રમઝાન માસમાં થયેલા ઝઘડાનો ખારરાખી હુમલો કરનાર અંજામ મેહમુદ મોદી, યાસીન સુલેમાન, ઈબ્રાહીમ સુલેમાન, ફરીદ સુલેમાન સામે લોખંડના કોપતા પાઈપ વડે હમલો કર્યા અંગેની ફરિયાદ નોંધાવી છે.

### પ્રિ-મોન્સુન કામગીરીઃ વોકળા સફાઈનું

## નિરીક્ષણ કરતા વોર્ડ નં.૧૧ નાં કોર્પોરેટરો, ભાજપનાં કાર્યકર્તાઓ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૯

મહાનગરપાલિકા સેનીટેશન ચેરમેન અશ્વિનભાઈ પાંભર વોર્ડ નં. ૧૧ ની મુલાકાતે આવેલ ત્યારે વોકળા સફાઈ શરૂ કરવા જે તે અધીકારીઓને સુચના આપેલ હતી. જેના અનુસંધાને વોર્ડ નં.૧૧ ના ભાજપના પ્રભારી હસમુખભાઈ ચોવટીયા, પ્રમુખ સંજયભાઈ પીપળીયા, કોર્પોરેટરઓ વિનોદભાઈ સોરઠીયા, ભારતીબેન ફર્નાન્ડીઝભાઈ પાડલીયા, રણજીતભાઈ સાગઠીયા, લીલુબેન છગનભાઈ જાદવ, મહામંત્રી હરસુખભાઈ માકડીયા, સંજયભાઈ બોરીચા, વૈભવભાઈ બોરીચા તેમજ સ્નેહલબેન જાદવ સહિતનાએ વોકળા સફાઈ કામગીરીનું જાત નિરીક્ષણ કરેલ હતું.(૧.૬)

## ગોંડલ પાસે બંધ ટ્રક પાછળ બાઈક ઘુસી જતા યુવાનનું મોત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ, તા.૯

રાજકોટ-ગોંડલ નેશનલ હાઈ-વે પર નવા માર્કેટિંગ યાર્ડ પાસે બંધ પડેલા ટ્રક પાછળ બીક ઘુસી જતા બાવળાવદરના યુવાનનું કરુણ મોત નીપજ્યું હતું.

આ અંગેની વિગત મુજબ ગોંડલમાં પુનીતનગર મેઈન રોડ પર રહેતો મનીષ મગનભાઈ સીરોયા(ઉ.વ.૪૩) નામના યુવાને ગોંડલ સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, ગઈકાલે ગોંડલના નવા માર્કેટિંગ યાર્ડના ગેઈટ પાસે ટાટા ટ્રક નંબર-જી.જે. ૧૧-એક્સ-૯૧૫૨ ના ચાલકે પોતાનો ટ્રક રસ્તા ઉપર પાર્ક કર્યો હોય ત્યારે પોરબંદરના બાવળાવદર ગમ્ન્પ જગદીશ દયાલજીભાઈ પેથા વરીયા(ઉ.વ.૧૯) નામનો યુવાન પોતાનું બાઈક નંબર-જી.જે.-૧૦-એ.ઈ.-૩૭૬૨ લઇ જતો હતો ત્યારે ટ્રક પાછળ બાઈક ધડાકાભેર ભટકતા યુવાનનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. બનાવ અંગેની જાણ ગોંડલ સીટી પોલીસમાં કરવામાં આવતા પી.એસ.આઈ.મ વી.કે.ગોલવેકરે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

### આવતીકાલે પૃથ્વી ઉપર

# સૂર્યગ્રહણનો અવકાશી નજારો, ભારતમાં દેખાશે નહીં

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

અમદાવાદ, તા.૯

આવતીકાલ ગુરૂવારે વિશ્વના દેશો-પ્રદેશોમાં ખંડગ્રાસ-કંકણાકૃતિ સૂર્યગ્રહણનો અભુત અવકાશી નજારો બનવાનો છે. પાંચ કલાકનો નજારો નિહાળવામાં લોકો, વૈજ્ઞાનિકો, ખગોળપ્રેમીઓમાં જબરી ઉત્કંઠા છે. ભારતમાં ક્યાંય આ ગ્રહણ જોવા મળશે નહિ. જયારે ઉ. કેનેડા, ગ્રીનલેન્ડ, રશિયામાં કંકણાકૃતિ, અમેરિકા, યુરોપ આસપાસ વિસ્તારોમાં ખંડગ્રાસ સૂર્યગ્રહણનો નજારો જોવા મળશે.

**રાજયમાં વિજ્ઞાન જાથા ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે**

રાજયમાં વિજ્ઞાન જાથા ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે.

જાથાના ચેરમેન - એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું છે કે, ભારતીય સમય મુજબ ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૧૩ કલાક ૪૨ મિનિટ ૨૨ સેકન્ડ અને ગ્રહણ મોક્ષ સાંજના ૧૮ કલાક ૪૧ મિનિટ ૨૨ સેકન્ડ છે. ભારતનું ૨૦૨૧ વર્ષનું આખરી ગ્રહણ છે. હવે પછીના બે ગ્રહણો દેશવાસીઓને જોવા મળશે નહિ.

રાજયના રાજકોટ, અમદાવાદ, જુનાગઢ, પોરબંદર, જામનગર, મોરબી, સુરેન્નગર, ભાવનગર, બોટાદ, દેવભૂમિ ।રકા, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર વિગેરે જિલ્લા મથકોએ કાર્યક્રમનું આયોજન ગોઠવવામાં આવ્યું છે.

વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.(૧.૬)

# મોરબી રોડ પર દારૂ-બિયર ભરેલું આઈસર પકડાયું



**એસ.ઓ.જી ની ટીમે આઈસરનું પાઈલોટીગ કરતા બે શખ્સો સહિત ત્રણની ધરપકડ કરી, રૂ.૧૧.૯૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૯

શહેરમાં દારૂ-બિયરનું વેચાણ કરતા બુટલેગરો સક્રિય બન્યા છે. ત્યારે દારૂની બંધીને નસ્ત નાબુદ કરવા પોલીસે પણ કમર કસી છે. ગઈકાલે એસ.ઓ.જી ની ટીમે મારવાડી કોલેજ પાસેથી ૧૦૧ પેટી દારૂ ભરેલા બોલેરો જીપને પકડી પડ્યા બાદ એસ.ઓ.જી ની ટીમે ચોક્કસ બાતમીનાં આધારે મોરબી રોડ પર બેડી ગામથી ગ્રીનલેન્ડ ચોકડી તરફનાં રસ્તે રોડ રોઝ હોટલ પાસેથી દારૂ-બિયર ભરેલા આઈસરનું પેટ્રોલિંગ કરતા બે શખ્સો સહિત ત્રણની ધરપકડ કરી રૂ.૧૧.૯૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગેની વિગત મુજબ એસ.ઓ.જી નાં પી.આઈ આર.વાય. રાવલની સુચનાથી પી.એસ.આઈ એમ.એસ. અંસારી સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળતા પોલીસે બેડી ચોકડીથી ગ્રીનલેન્ડ ચોકડી તરફનાં મોરબી રોડ વોચ ગોઠવી હતી.

તે દરમ્યાન બે શખ્સો એક આઈસર ટ્રેક નંબર જીજે-૧૦ જેડ-૫૧૭૫ નું પેટ્રોલિંગ કરતા જતા હોય પોલીસે પેટ્રોલિંગ કરત બે શખ્સો સહિત આઈસરને અટકાવી તપાસી લેતા તેમાંથી અલગ-અલગ બ્રાંડની દારૂની બોટલ નંગ. ૪૩૨ તથા બિયરનાં ટીન નંગ. ૨૮૮ કિંમત રૂ.૩૬૧૫૦૦ નો મુદ્દામાલ મળી આવતા પોલીસે આજીડેમ ચોકડી પાસે શિવમ પાર્કમાં રહેતો સંજય છગન ડોબરીયા, ભાડલા ગામનો મહેશ વાઘજી સરવૈયા તથા સુરતમાં હજીરા રોડ પર રહેતો મનીષ લવજી સાવલીયા સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી આઈસર અને દારૂ-બિયરનો જથ્થા કુલ રૂ.૧૧,૯૭,૫૦૦ નો કબજે કરી તપાસ હાથ ધરી છે.

# પૃથ્વીરાજ ચૌહાણના જીવન પર આધારિત ફિલ્મને સન્માનજનક નામ ન અપાતા રોષ

## રાજપૂત કરણી સેના દ્વારા પો.કમિશનરને આવેદન પાઠવાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૯

યશરાજ ફિલ્મ્સ, દિલ્હીની ગાદી પર બિરાજમાન અંતિમ હિન્દુ સમ્રાટ પરાક્રમી મહાવીર પૃથ્વીરાજ ચૌહાણના જીવન પર આધારિત એક ફિલ્મ બનાવવા જઈ રહયા છે. તેમાં નામના વિરોધને અને રાજપૂત કરણી સેના દ્વારા પો.કમિશનરને આવેદન પાઠવ્યું હતું અને જેમાં જણાવ્યું હતું કે, પ્રખર હિન્દુ સમ્રાટ મહાવીર પૃથ્વીરાજ ચૌહાણના જીવન પર બની રહી આ ફિલ્મનું સન્માનજનક નામ દેવું જોઈએ પરંતુ જાણી જોઈને આ ફિલ્મના નિર્માતા- નિર્દેશક- લેખકએ આ ફિલ્મને મહાવીર પૃથ્વીરાજ ચૌહાણના જીવન આધારિત આ ફિલ્મ માટે યોગ્ય તથા સન્માનજનક નામ નથી દેવામાં આવ્યું.

સમ્રાટની જીવનકથા કોઈ તમાસો કે નાટક નથી પરંતુ સેંકડો યુવાનો માટે પ્રેરણાસ્રોત સમાન છે. પૈસાની લાલચમાં નિર્માતા, નિર્દેશક કોઈપણ હદ સુધી જઈ શકે છે, પરંતુ રાજપુત સમાજનું સ્વાભિમાન આત્મબળ એટલું ઘટયું નથી કે મૌન દર્શક બનીને સમ્રાટના અપમાનને જોતા રહે. તાજેતરમાં જ, યશરાજ ફિલ્મ્સને અલ્ટીમેટમ આપતા, મુંબઈ પોલીસ કમીશનરને આ ભાવનાને ઠેસ પહોંચાડવા બદલ ફિલ્મના નિર્માતા- નિર્દેશન- લેખક વિરૂધ્ધ કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. નિર્માતા યશરાજ ફિલ્મ્સ તથા નિર્દેશક- લેખક ડો. ચંદ્રપ્રકાશ દ્વિવેદીએ અમારી ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડી છે. અમારા મનને દુ:ખાવ્યું છે તથા અમારા દેવતા સમાન સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણને અપમાનિત કરવાનું દુ:શાસન કર્યું છે. આપને નમ્ર નિવેદન છે. કે આ બાબતે નોંધ લઈ નિર્માતા યશરાજ ફિક્સ તથા નિર્દેશક- લેખક ડો. ચંદ્રપ્રકાશ દ્વિવેદીની વિરૂધ્ધ ધાર્મિક ભાવનાઓ સામે ઠેસ પહોંચાડવા, જાણી જોઈને રાજપુત સમાજને ઉશ્કેરવા તથા પ્રખર સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણની માનહાનિ/બદનામી કરવા સામે ફોજદારી કેસ નોંધવા જણાવ્યું છે.

# ચેક રિટર્નના કેસમાં ૧ વર્ષની સજા અને વળતરની રકમ ચૂકવવા હુકમ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૯

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની પરાબજાર શાખામાંથી ઇબ્રાહીમભાઇ હુસેનભાઇ સપ્પાને ધિરાણ અપાયેલ હતું. થોડા સમય બાદ આ ખાતુ ડિફોલ્ટર (એનપીએ) થયું હતું. ખાતેદારે આપેલ વસુલી રકમનો ચેક પરત ફર્યો હતો. બેંકે તા.૨/૧૧/૨૦૧૮નાં ઇબ્રાહીમભાઇ હુસેનભાઇ સપ્પા સામે રાજકોટની નેગોશીયેલ કોર્ટમાં ચેક રિર્ટનનો કેસ દાખલ કર્યો હતો. આરોપીએ મૂળ ચેક રિટર્નની રકમ જેટલી રકમ જમા કરાવી ન હતી.

આથી, એડી. સીનીયર સીવીલ જજની કોર્ટે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ ઇબ્રાહીમભાઇ હુસેનભાઇ સપ્પાને ૧ વર્ષની જેલની સજા અને ચેક રિટર્નનાં વળતર રૂપે રૂા. ૧ લાખ ૮૫ હજારની રકમ ચુકવવી. જો ઇબ્રાહીમભાઇ હુસેનભાઇ સપ્પા ઉપરોકત રકમ દિવસ-૬૦માં ન ચુકવે તો બીજા ૧ વર્ષની વધારાની કેદની સજા ફરમાવી હતી. ચેક રિટર્નનાં કેસની આ કામગીરીમાં બેંક વતી વિદ્વાન એડવોકેટશ્રી નીલભાઇ પુજારા ફરિયાદી ભાવિનભાઇ વેકરીયા રોકાયેલ હતા.

# અંજલીપાર્ક સોસા.માં બુટલેગરના બંધ મકાનમાંથી ૨૪૦ બોટલ દારૂ પકડાયો



**પોલીસને જોઈ નાસી ગયેલા બુટલેગરને ઝડપી લેવા પોલીસે ચક્રોગતિમાન કર્યા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૯

રૈયા રોડપર આવેલા અંજલીપાર્ક સોસાયટીમાં બુટલેગરના બંધ મકાનમાંથી પોલીસે ૨૪૦ બોટલ દારૂ કબ્જે કરી બુટલેગરની શોધખોળ આદરી છે આ અંગેની વિગત મુજબ ગાંધીગ્રામ પોલીસ મંથકના ઈન્ચાર્જ પી આઈ.એ.એસ આઈ જે.જી રાણા સહિતના સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા.

ત્યારે રૈયા રોડપર આવેલા અંજલિ પાર્ક.સોસાયટીમાં બુટલેગર દેવરાજ ધારા કરકરા નામના શખ્સને મકાનમાં દારૂનો જથ્થો હોવાની બાતમી મળતા ઉપરોક્ત સ્થળેથી પોલીસ આવવાની જાણ થતા દેવરાજ કરકરા નાસી ગયો હતો પોલીસ તેના બંધ મકાનની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ ૨૪૦ બોટલ કિંમત રૂ.૯૫૦૦૦ નો મુદામાલ મળી આવતા પોલીશે દારૂનો જથ્થો કબ્જે કરી નાસી ગયેલા બુટલેગર દેવરાજની શોધખોળ હાથ ધરી છે.

# સાત પગલા ખેડૂત કલ્યાણ યોજના હેઠળ વિનામૂલ્યે છત્રી વિતરણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૯

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા સાત પગલા ખેડૂત કલ્યાણ યોજના હેઠળ શાકભાજી, ફળ, ફૂલ વિક્રેતાઓને વિનામૂલ્યે છત્રી આપવા આપવામા આવશે. છત્રીના સહારે લારીમાં રાખેલ ફળ, શાકભાજી ફૂલ બગડી જવા સામે રક્ષણ મળશે. રોડ સાઈડ પર ખુલ્લી જગ્યામાં કૃષિ પેદાશનાના વ્યવસાયકારોને ગરમી, ઠંડી, વરસાદથી રક્ષણ મળશે. આ યોજના તળે અંદાજે ૫૦ હજાર છૂટક વેચાણકારોને છત્રીનો લાભ મળશે. યોજનાનો લાભ લેવા માટે આધાર કાર્ડની નકલ, ગ્રામ્ય વિસ્તારો માટે જે તે સેજાના ગ્રામસેવક/તલાટીનો ફળ ફૂલ શાકભાજી તથા કૃષિ પેદાશોનું છૂટક વેચાણ કરતા હોવા અંગેનો દાખલો તેમજ શહેરી વિસ્તાર માટે ગુજરાત લાઈવલીહુડ મિશન દ્વારા ઇશ્યુ કરેલ ફળ ફૂલ શાકભાજી કૃષિ પેદાશોનું છૂટક વેચાણ કરતા હોવાનું ઓળખપત્ર/દાખલો આપવાનો રહેશે. યોજનાનો લાભ મેળવવા માટે સંબંધીતોએ hattps: ikhedut.gujarat.gov.in પર તા.૧૫ જુલાઇ સુધીમાં ઓનલાઇન અરજી કરવાની રહેશે તેમ વિભાગની યાદીમાં જણાવાયું છે.(૧.૪)

### શિક્ષણ શાસ્ત્રોકત સરસ્વતી પુજન મહાયજ્ઞ દ્વારા

# સુરેન્દ્રનગરના ગવાણા ગામે પ્રાથમિક શાળાના નવાભવનનું ઉદ્‌ઘાટન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૯

હિન્દુ અગ્રણી ચમનભાઈ સિંધવની જણાવે છે કે આ ભવ્ય ઉદઘાટનમાં સુરેન્દ્રનગર જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન, પાટડી ધારાસભ્ય, પાટડી તાલુકા પ્રમુખ, શિક્ષણ સમિતિ અધિકારી તથા રાજકીય ડેલીકેટઓ ગામના સરપંચ, શિક્ષકગણ, રાજકીય સામાજીક ગામનાં સામાજીક સમરસતાને ધ્યાનમાં રાખી તમામ જ્ઞાતિનાં આગેવાનો ઉત્સાહથી જોડાયેલ. આ સમગ્ર કાર્યક્રમ સ્કુલ શિક્ષણ સમિતિ કે સરકારના આર્થીક સહયોગ વિના સામુહીક ગ્રામજનોએ પોતાની ઈચ્છા અનુસાર સહયોગ આપી પૂર્ણ કરેલ. સુરેન્દ્રનગર જીલ્લાનાં પાટડી તાલુકાના ગવાણા ગામમાં પ્રાથમિક શાળાનાં નવા ભવનનું ઉદઘાટન ગત તા.૭ સોમવારનાં સમગ્ર ગામ સમસ્ત શાસ્ત્રોક્ત વિધિ મુજબ ભવ્ય યજ્ઞ કરી બાદમાં મહાનુભાવોનાં હાથે દિપ પ્રાગટય કરી ઉદઘાટન કરવામાં આવેલ. આ ઉદઘાટનની વિશેષતાએ રહી કે જે મહાનુભાવો આવે તે યજ્ઞમાં હાજરી આપે માં સરસ્વતીની પુજા - અર્ચના કરી બાદમાં કોઈ સ્ટેજ કાર્યક્રમ, ભાષણબાજી નહી માત્ર પ્રોટોકોલ માટે મહાનુભાવો મહેમાનોનો પરિચય તથા સ્વાગત કરવામાં આવેલ. સૌથી વિશેષ કે આ યજ્ઞનાં યજમાન તરીકે સામાજીક સમરસતા, સેવા વૃક્ષપ્રેમી, પર્યાવરણનાં ગામમાં જતન કરનાર ગ્રામ પંચાયતના પટાવાળા લાલજીભાઈ વાણંદ પરિવારને ગ્રામ જનોએ સામુહિક નિર્ણય લઈ યજમાન પદ આપેલ. લાલજીભાઈ દ્વારા વર્ષોથી વિધવા સહાય હોસ્પીટલ સેવા રેશનકાર્ડ વીમા યોજના તથા સરકાર હોસ્પીટલ સેવા દરેક ધાર્મિક સ્થાનો સ્મશાન તળાવ વગેરે જાહેર જગ્યાઓમાં વૃક્ષારોપણ સફાઈનું કાર્ય વર્ષોથી કરે છે.

આવા ઉમદા કાર્યની નોંધ તાલુકા પંચાયત જીલ્લા પંચાયતનાં અધિકારીઓ પણ લઈ વિશેષ ગ્રામજનો આયોજકોને ધન્યવાદ આપેલ. સંવેદનશીલ સરકારએ પણ આવા વિરલાઓ અનેક ગામમાં છે. તે માટે તેમને પ્રેરણા-પ્રોત્સાહન આપી આવા સામાજીક કાર્યની જવાબદારીઓ દરેક ગુજરાતનાં ગામડાઓમાં આપવી જોઈએ. જેથી સરકારની બધી જ યોજનાઓનો લાભ છેવાળાના માનવી સુધી પહોંચી શકે.

### પોરબંદરના દર્દીઓની સેવા કરવા બદલ

# ડો.સિદધાર્થસિંહ અને ડો.પ્રીતિ જાડેજાનું પુષ્પગુચ્છથી સન્માન કરાયું



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

પોરબંદર,તા.૯

ડો. સિદ્ધાર્થસિંહ જાડેજા અને તેમના ધર્મપત્નિ ડો.પ્રીતિ બેન જાડેજા અને ટીમને સ્વસ્તિક ગ્રુપ પોરબંદર સાથે શનિદેવ હાથલા પુજારી ચિરાગપુરી બાપુ શૈલેષ પરમાર સાહેબ ભાવેશપુરી બાપુ દિલીપભાઈ મધુબેન ગોસ્વામી બિંદીયાબેન ગોસ્વામી મનોજ પંડયા મુકેશ હોદાર હસ્તે ફુલ ગુચ્છ સાલ ભગવા ખેશ દ્વારા અભિવાદન સન્માનીત કરતા સત સત વંદન અપાર અભિનંદન માનવ સેવા એજ પ્રભુ સેવાને સાથેક કરતા કમેયોગી પોરબંદર આપનું કાયમ ઋણી છે.

પોરબંદરની કોવિડ હોસ્પિટલમાં છેલ્લા દોઢ વર્ષથી દિવસ- રાત જોયા વગર વધુને વધુ મહામુલી માનવ જિંદગી બચાવી છે.ઓછા સંસાધનો અપુરતો સ્ટાફ સતત દવાઓની કમી અને દરરોજ દર્દીઓના ઘસારા વચ્ચે સારવાર કરવી અશકય હોવા એક એક દર્દી ને સ્વસ્થ કરવા ઝઝુમયા છો માનવતા અને દયા ભાવ વારસામાં છે એવા ભાવસિંહજી હોસ્પિટલમાં વર્ષો સુધી સિવિલ સર્જન તરીકે પ્રેરણારૂપ અને યાદગાર સેવા પ્રદાન કરનાર ડો. એન.યુ.જાડેજાના કમેવીર સુપુત્ર ડો.સિદ્ધાર્થસિંહ જાડેજા પણ પિતાના પગલે ચાલીને દરીદ્ર નારાયણ જરૂરિયાતમંદ દર્દીઓની સારવાર સેવા હેતૂ એ આપ દંપતીએ સરકારી ભાવસિંહજી કોવિડ હોસ્પિટલમાં સેવા આપવાનો નિર્ધાર કરી છેલ્લા દોઢ વર્ષથી ઝઝૂમી રહ્યા છો. પોરબંદર કોરોના ફ્રન્ટ લાઈન વોરીર્યન્ટર ડોક્ટર સેવાનો ઇતિહાસ રહ્યો છે કરૂણામય કર્મવીર દેવદુત ડોક્ટર આપનુ મહામૂલું યોગદાન સુવર્ણાક્ષરે લખાયુ છે.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## કૌટુંબિક ભત્રીજા સહીત ત્રણ શખ્સોના બ્લેકમેલિંગથી, કંટાળી કાગદડી આશ્રમના મહંતે આપઘાત કર્યાનું ખુલ્યું

સ્યુસાઇડ નોટ લખ્યા બાદ ઉપરના રૂમમાં જઇ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. ત્રણેયએ તથા તપાસમાં ખુલે તેણે મહંતને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણા આપી મરી જવા મજબૂર કર્યા હોઇ તેમણે આપઘાત કરી લીધાનું ફરિયાદમાં જણાવાયું છે. આ બંનેએ કટકે કટકે વીસેક લાખ રૂપિયા પડાવી લીધા હતાં. મહંતના આપઘાતમાં કુવાડવા પોલીસે ૨૦ પાનાંની સ્યુસાઇડ નોટ, સીસીટીવી ફૂટેજો કબ્જે કર્યા છે. મહંતને સારવાર આપનાર દેવ હોસ્પિટલના ડોક્ટર, ટ્રસ્ટી મંડળના ટ્રસ્ટી, આશ્રમના સેવકો,ગામના લોકોનું નિવેદન લઈને કુવાડવા પોલીસે પુછપરછ શરુ કરી છે. જો કે ૦૧ જૂન થી ૮ જૂન સુધીના સીસીટીવી ફૂટેજોમાં ઘણી ચોંકાવનારી વિગતો આવશે. હાલ કુવાડવા પોલીસે ત્રણેય આરોપી સાથે વીડિયોમાં દેખાઈ દેનાર મહિલાની પણ શોધખોળ હાથ ધરી છે

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## રાજકોટના બાળકો-તરૂણો માટેના મેદાનો એટલે આત્મા વગરના ખોળીયા

નથી. આ સમય હંમેશ માટે રહેવાનો નથી સારા દિવસો ફરીથી આવવાના જ છે. ત્યારે બાળકો માટે અને તરૂણો માટે એક સારી સાંજ પસાર કરવાની અને જાત જાતની રમતો રમીને ખેદ કુદનું કૌશલ્ય પ્રાપ્ત કરવાની સાથે સાથે શારીરીક ચુસ્તી અને સ્ફુર્તી પ્રાપ્ત કરવા માટે એક સારૂ મેદાન હોવું અતિ આવશ્યક હોય છે. પરંતુ આવડા મોટા મહાનગરમાં જે એક બે મેદાનો થોડા ખાલી પડયા છે એ પણ અત્યારે તો બાળકો અને તરૂણો માટે રમવાને લાયક રહયા નથી. રેસકોર્ષ પાસેનું મેદાન અને શહેરની વચ્ચે હદયસમા વિસ્તારમાં આવેલુ શાસ્ત્રી મેદાન કચરો અને ગંદકી ફેંકવાની દમ્પીંગ સાઇટ જેવા બનીને રહી ગયા છે. અહીં ખાલી ખમ મેદાનોમાં હંમેશા પડયા પાથરયા રહેલા ફુગ્ગા અને બેટ વેચવાવાળા તથા પાથરણાવાડાઓ માટે આ મેદાનો કાયમી ધરાર નિવાસ સ્થાન બનીને રહી ગયા છે. એમની તમામ પ્રાત: ક્રિયાઓ આ મેદાનમાં જ થતી હોય છે જેના કારણે અહીં રમવાનું તો દુર રહયું પણ અહીંથી પસાર થવાનું પણ મુશ્કેલ બની જાય એટલી દુર્ગંધ દિવસ-રાત હવામાં ફેંલાતી રહે છે. સાંજ પડે એટલે જાત-જાતની રેકડીઓ ધંધો કરવા માટે ધંધાર્થીઓ લાવીને ઉભી રાખી દે છે. ખાનગી બસોના સંચાલકો માટે તો મફતમાં બસોનું ગેરેજ બનાવી દેઇને આ મેદાનોનો ઉપયોગ કરવામાં આવી રહયો છે. આસપાસના દવાખાના અને કોમ્ર્સીયલ ઇમારતોમાં કામકાજ કરતા તથા આવતા જતા લોકોના વાહનોનું પાર્કીંગ પણ આ મેદાનમાં થાય છે. તંત્ર વાહકોને આ બધુ કેમ નજરે ચડતું નથી અને મેદાનો શહેરની યુવા પેઢી માટે કેમ ખાલી કરાવવામાં આવતા નથી એ સવાલનો જવાબ મેળવવા માટે આપણે હાજર જવાબી બિરબલનો સંપર્ક કરવો પડે એ સિવાય કોઇની પાસે આ જવાબ નથી. તંત્ર જેટલુ જલ્દી જાગે એટલુ જરૂરી છે.

## ભારતીય સેના પલકવારમાં મોરચો માંડી, વિજળીક ઝડપે ત્રાટકશે

લડાયક યુનિટની રચના કરવા સાથે ૧૩ લાખનું સંખ્યા બળ ધરાવતી ભારતીય સેનાના સઘન પુનરગઠનની કામગીરી પણ કરવામાં આવી રહી છે. જેથી ભારતીય સેના વધુ પ્રહારાત્મક શકિત પ્રાપ્ત કરી શકે અત્યારે ભારતીય સેના ચીન અને પાકિસ્તાન એમ બે મોરચે પડકારનો સામનો કરી રહી છે એટલે યુધ્ધ લડવાની સમગ્ર વ્યૂહ રચના બદલવાનો નિર્ણય ભાવિ જોખમોને ધ્યાનમાં રાખીને લેવો પડે. એ માટે સૈન્ય દળો ખુબ જ ઝડપથી એકત્ર થઇ જાય અને મોરચા પર લડવા પહોંચી જાય એ રીતની યુધ્ધ રચના હવે અમલમાં મુકવી જરૂરી છે. ટેકનોલોજી વધુને વધુ આધુનિક બની રહી છે. એટલે યુધ્ધ લડવાની સમગ્ર પધ્ધતી તથા સેનાના સંગઠનમાં ફેરફાર જરૂરી બની રહયા છે એવું જનરલ નારવણે જણાવ્યું હતું. તેમણે કહયું હતું કે, પાકિસ્તાન મોરચે ગોઠવાનાર આવા ખાસ લડાયક યુનિટમાં ટેન્કો અને આર્ટીલરી એટલે કે ભારે તોપ ખાના પર વધુ ધ્યાન આપવામાં આવશે. જયારે ચીનની સરહદ પર સૈનીકોનો વધુ જમાવડો કરાશે અને પહાડી વિસ્તારમાં કામ લાગે એવી હળવી તોપ સાથેના દળ ગોઠવવામાં આવશે.

## ઈંધણના ભાવ બેલગામ : પેટ્રોલ કરતા ડિઝલના ભાવ વધી ગયા

કરી રહી છે. આજે સતત છેલ્લા ૧ અઠવાડીયાથી ભાવો વધી રહયા છે. આજે ફરી એકવાર પેટ્રોલમાં ૨૪ પૈસા અને ડિઝલમાં ૨૭ પૈસા લીટર દીઠ ભાવ વધારો લાગુ કરી દેવામાં આવ્યો છે. એ સામે લોકોમાં દેકારો બોલી ગયો છે. અમુક શહેરોમાં તો પેટ્રોલ કરતા ડિઝલનો ભાવ વધી ગયો છે એ કારણે ઘણા લોકો કાર મુકીને ટુવ્હીલરનો ઉપયોગ કરતા થઇ ગયા છે. રાજકોટમાં આજે પેટ્રોલનો લીટર દીઢ ભાવ રૂ.૯૨.૨૯ અને ડિઝલનો રૂ.૯૨.૯૦ રહયો હતો. અમદાવાદમાં પેટ્રોલનો ભાવ રૂ.૯૨.૯૭ અને ડિઝલનો રૂ.૯૨.૯૦ રહયો હતો. સુરતમાં પેટ્રોલનો રૂ.૯૨.૫૯ અને ડિઝલનો રૂ.૯૩.૨૦ પૈસા જેવો ભાવ રહયો હતો. વડોદરામાં પેટ્રોલનો રૂ.૯૨.૨૯ અને ડિઝલનો રૂ.૯૨.૮૯ જેવો ભાવ રહયો હતો. આ રીતે ઇંધણના ભાવ ભડકે બળી રહયા છે અને લોકો સરાજાહેર લૂંટાઇ રહયા છે.

## ભગવાન જગન્નાથજીની રથયાત્રા અંગે હજુ અનિશ્ચિતતા

રાખવાની ફરજ પડી હતી. એ પછીના વર્ષે પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીની હાજરીમાં માત્ર પ્રતિક નગર યાત્રા કાઢવામાં આવી હતી. આ વર્ષે પણ રથયાત્રા અંગે હજુ અનિશ્ચિતા પ્રવતી રહી છે અને હજુ સુધી કોઇ નિર્ણય લેવામાં આવ્યો નથી. ૧૨મી જુલાઇના રોજ અષાઢી બીજ છે. ત્યારે રથયાત્રા પુરી ક્ષમતા સાથે કાઢવી કે કેમ એ અંગે હજુ સત્તાવાર નિર્ણય લેવાયો નથી. ૨૪ જૂન પહેલા રાજય સરકાર રથયાત્રા કાઢવાનો નિર્ણય લે તેવી શકયતા માહિતગાર સુત્રોએ વ્યકત કરી છે. જમાલપુર ખાતે આવેલા જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મંડળે એવું જણાવ્યું હતું કે, જો અમે રથયાત્રા અંગે રાજય સરકારની પરવાનગી મેળવવાની પ્રક્રિયા શરૂ કરી નથી. પણ રથયાત્રામાં જોડાવવા માટે ૧૦૧ જેટલા ટ્રક અને મોટરનો કાફલો તૈયાર છે. અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત માટે અષાઢી બીજની રથયાત્રા એક મોટો ઉત્સવ ગણવામાં આવે છે. જેમાં સામાન્ય દિવસોમાં લાખો ભાવિકો રથયાત્રામાં જોડાતા હોય છે. ખુદ મુખ્યમંત્રી કે ગર્વનરના હસ્તે રથયાત્રાના પ્રારંભે પહિન્દ વિધિ કરવામાં આવે છે. છેક સરસપુર સુધી એટલે કે જગન્નાથજીના મામાના ઘર સુધી રથયાત્રા પહોંચે છે અને મોસાળેથી સાંજે પરત ફરે છે. રથયાત્રામાં સેંકડો વાહનો ઉપરાંત ડઝન બંધ અખાડા પણ જોડાઇ છે અને જાત જાતના અંગ કશરતના કરતબો પહેલવાનો દર્શાવે છે. રથને ભવ્ય રીતે શણગારવામાં આવે છે જેમાં ભગવાન રામ, શુભદ્રા અને બલરામજીની મુરતીઓને નગર ચર્યા બેસાડીને નગરચર્યા કરાવવામાં આવતી હોય છે. રથયાત્રા જોવા માટે પણ મહાનગરમાં લાખો હિન્દુ-મુસ્લિમો ઉમટે છે. મુસ્લિમ વિસ્તારોમાંથી રથયાત્રા પસાર થાય ત્યારે અનેક મુસ્લિમ આગેવાનો અને સંગઠનો દ્વારા ભવ્ય સ્વાગત પણ કરવામાં આવે છે.

## વેક્સિનના ૪૪ કરોડ ડોઝનો ઓર્ડર આપતું કેન્દ્ર

રૂ.૬૦૦ના ભાવે કોવિશીલ્ડ રસી વહેંચી રહી છે. જયારે ભારત બાયોટેક પ્રતિ ડોઝ રૂ.૧૨૦૦નો ભાવ લઇ ખાનગી હોસ્પિટલોને રસી વહેંચી રહી છે. જો કે ભારત સરકારને પ્રતિ ડોઝ રૂ.૧૫૦ના ભાવે જ બન્ને કંપનીઓ વેક્સિનનું વહેંચાણ કરી રહી છે. દરમ્યાન એઇમ્સના વડા ડો.રણદિણ ગુલેરીયાએ એવી રાહત રૂપ ધોષણા કરી છે કે, કોરોનાના નવા વાઇરસથી હાલ બાળકો પર તાકિદે કોઇ જોખમ ઉભુ થયું નથી.

## બાબા રામદેવ વિરૂધ્ધ પટણામાં પોલીસ ફરીયાદ દાખલ થતા હલચલ

દાખલ કરવામાં આવી છે. એલોપેથી ચિકિત્સા પધ્ધતીની વિરૂધ્ધમાં સતત આકરા અને કટુ વિધાનો કરી રહેલા બાબા રામદેવ સામે ફરીયાદ નોંધાવવામાં આવી છે. આ રીતે હવે બન્ને ચિકિત્સા પધ્ધતી વચ્ચેનો આ મામલો દિવસે દિવસે વધુને વધુ ઉગ્ર બની રહયો છે. આઇએમએના મંત્રી સુનિલ કુમારે બાબા રામદેવ સામે પગલા લેવા કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો છે. છેલ્લા કેટલાય દિવસથી દેશમાં આ તમાસો ચાલી રહયો છે. તબીબો એકી અવાજે યોગ ગુરૂના ટીકા પ્રહારોનો વિરોધ કરી રહયા છે.

## મુંબઇના આંગણે પહોંચ્યું ચોમાસુ, ભારે વરસાદ

અઢી ઇંચ વરસાદ ખાબકયો હતો. બ્રીચકેન્ડી પાસેનો આખો માર્ગ જળબંબાકાર થઇ ગયો હતો. હજુ આગામી ૫ દિવસ દરમ્યાન ભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. બ્રુહદ મહાનગરપાલિકાની કામગીરીની પોલ પહેલા જ વરસાદમાં ખુલી ગઇ છે.

## માં અમૃતમ અને વાત્સલ્ય કાર્ડ દરેક લાભાર્થીને વ્યકિતગત અપાશે

મુખ્યમંત્રી અને આરોગ્ય પ્રધાન નીતિન પટેલે જાહેરાત કરી હતી કે, હવેથી માં અમૃતમ અને વાત્સલ્ય કાર્ડ દરેક લાભાર્થીને વ્યકિતગત આપવામાં આવશે. અત્યાર સુધી પરિવાર દીઠ એક જ કાર્ડ આપવામાં આવતું હતું. હવે દરેક લાભાર્થીને આ કાર્ડ આપવામાં આવશે. યોજનાના માપ દંડ ધરાવનારા દરેકને કાર્ડ મળશે.

# રાજકોટ-જસદણના સાંજની બસ રૂટ ફરી શરૂ કરવા લોકોની માંગણી



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

જસદણ, તા.૯

એપ્રિલ અને મે માસ દરમિયાન જસદણ રાજકોટ સહિતનાં વિસ્તારોમાં કોરોનાના કેસ ખૂબ જ વધતા અને રાજકોટમાં સાંજે કરફ્યુ ચાલુ થઈ જતા રાજકોટ થી જસદણ માટેના સાંજના તેમજ રાત્રિના અનેક બસ રૂટ બંધ કરવામાં આવ્યા હતા. પરંતુ હવે કોરોના કેસ ખૂબ જ ઘટી ગયા હોય તેમ જ સ્થિતિ પુર્વવત થઈ ગઈ હોવાથી રાજકોટ થી જસદણ માટે પહેલા જે બસ રૂટ શરૂ હતા તે મુજબ એટલે કે સાંજે ૭-૩૦, ૭-૪૫, ૮-૨૦ તેમજ રાત્રે ૮-૪૫ વાગ્યાના બસ રૂટ શરૂ કરવાની વેપારીઓ તેમજ વેપાર ધંધા રોજગાર નોકરી અર્થે નિયમિત રાજકોટ થી જસદણ અપડાઉન કરતા લોકોની માગણી છે. સાથે જસદણથી રાજકોટ જવા માટેના તમામ બસ રૂટ પહેલાની જેમ શરૂ કરવા જોઈએ. ત્યારે રાજકોટ જસદણ વચ્ચે તેમજ જસદણ ગોંડલ વચ્ચે મર્યાદિત બસ રૂટ શરૂ હોવાથી બસમાં ટ્રાફિક વધારે રહે છે અને સંક્રમણ નો ભય વધે છે. જસદણ થી ગોંડલ જવા માટેના તેમજ ગોંડલ થી જસદણ માટેના બસ રૂટ પણ પહેલાની જેમ નિયમિત શરૂ કરવાની લોકોની માંગણી છે.

# જાહેરમાં બર્થ-ડે પાર્ટીની ઉજવણી કરવાનું ભારે પડ્યું



**તાલુકા પોલીસે બર્થ-ડે બોય સહીત છ શખ્સોની ધરપકડ કરી જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૯

કાલાવડ રોડપર આવેલી હેવમોર આઈસ એન્ડ વાઈસ આઈસ્ક્રીમ નામની દુકાન સામે જાહેરમાં બર્થ-ડે પાર્ટીની ઉજવણી કરતા છ શખ્સો પોલીસે ધરપકડ કરી છે આ અંગેની વિગત મુજબ ભગવતીપરા મેઈન રોડ પર આવેલા બદરી પાર્ક પાસે ક્રિષ્ના કોમ્પલેક્ષમાં રહેતા હિતેશ ભીમજી બગડા (ઉ.વ.૨૪) નામના યુવાનનો ગઈકાલે બર્થ-ડે હોય જેની ઉજવણી કરવા કાલાવડ રોડ પર આવેલા હેવમોર આઈસ એન્ડ વાઈસ આઈસસ્ક્રીમ નામની દુકાન સામે તેના મિત્ર જીજ્ઞેશ મનસુખ દુધરેજીયા (રહે. સન સીટી વન વર્લ્ડ એપાર્ટમેન્ટ સ્વામીનારાયણ ચોક) ચિરાગ ભરત ગોહિલ (રહે. સત્ય નારાયણ સોસાયટી)

મીરિટ કૈલેશ જાગણી (રહે.જાય પ્રકાસ નગર ભગવતી પરા) અનીલ ખેગાર વડેચા (રામેશ્વર સોસાયટી નાણાવતી ચોક) તથા કમલ રામજી (ભગવતી પરા સુખ સાગર સોસાયટી) સહીત છ સખસો ભેગા થઈ જાહેર રોડપર હિતેશ બગડાની બર્થ-ડે ની ઉજવણી કરતા હોય તે દરમ્યાન રાત્રી કરફ્ર્યુ નું અમલીવારી કરાવવા નીકળેલા તાલુકા પોલીસ મંથકના પી આઈ જે.વી ધોળાની નજરે ચડી જતા પોલીસે બર્થ-ડે બોય હિતેશ બગડા સહીત છ સખ્સો છ સખ્સો ની ધરપકડ કરી જાહેરનામાં ભંગ નો ગુનો દાખલ કર્યો હતો.

# રાત્રી કર્ફ્યુમાં ક્રિકેટ રમતા છ શખ્સોની ધરપકડ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૯


સહકાર મેઈન રોડ પર રાત્રી કર્ફ્યુ દરમ્યાન જાહેરનામાંનો ભંગ કરી ક્રિકેટ રમતા છ શખ્સોની પોલીસે ધરપકડ કરી છે. આ અંગેની વિગત મુજબ ભક્તિનગર પોલીસ સ્ટાફ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હતા ત્યારે સહકાર મેઈન રોડ પર રાત્રી કર્ફ્યુ હોવા છતાં જાહેરનામાંનો ભંગ કરી રવિ દિલીપ સાપરીયા (રહે. કેવડાવાડી), મયૂરસિંહ લખધીરસિંહ રાઠોડ (રહે. રઘુવીર સોસાયટી), દિક્ષિત વિમલ સાપરીયા (રઘુવીર સોસાયટી), ભાવિક તુલજા શંકર ભટ્ટ (રહે. ન્યુ રામેશ્વર સોસાયટી), મનીષ લવજી ઢોલરીયા (રહે. રઘુવીર સોસાયટી), હેપ્પી પ્રફુલ સાપરીયા (રહે. રઘુવીર સોસાયટી) સહિત છ શખ્સો જાહેરમાં ક્રિકેટ રમતા હોય પોલીસે શખ્સોની ધરપકડ કરી રાત્રી કર્ફ્યુમાં જાહેરનામાનો ભંગ કર્યાનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# મોરારિબાપુએ મૃતકોના પરિવારોને ૧ લાખથી વધુ સહાય મોકલી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૯

ગઈકાલે પુના ખાતેની સેનીટાઇઝર ફેક્ટરીમાં આગ લાગતાં ૧૮ વ્યક્તિના મૃત્યુ થયાં હતા. આ તમામ હતભાગી લોકોનાં પરિવારજનને હનમાનજીની સાંત્વના રૂપે મોરારિબાપુએ પ્રત્યેક મૃતકના પરિવારજનને રૂપિયા ૫ હજાની સહાય મોકલી આપવા જણાવેલ છે. એ જ રીતે દક્ષિણ પશ્ચિમ બંગાળ ના ૩ જીલ્લામાં વિજળી પડવાથી ૨૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. એમના પરિવારજનોને પણ રૂપિયા ૫ હજારની તત્કાલ સહાય મોકલી આપવા મોરારિબાપુએ જણાવ્યું છે. આ બંને



**સેનીટાઈઝર ફેકટરીમાં આગ લાગી ૧૮ના મોત થયા હતા**

દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના નિર્વાણ માટે પૂજ્ય મોરારિ બાપુએ પ્રાર્થના કરી છે. બંને ઘટનાઓમાં માર્યા ગયેલા લોકોને કુલ ૧ લાખ ૯૦ હજારની સહાય મોકલવામા આવી રહી છે જે રકમ પુના અને કોલત્તાના રામકથાના શ્રોતાઓ દ્વારા વિતરિત કરવામાં આવશે.

# રાજકોટ સ્પેશિયલ બ્રાન્ચના પીઆઇ વી.એસ.વણઝારાનો આજે જન્મદિન



રાજકોટ સીટીમાં પોલીસ કમિશનર કચેરીની સ્પેશિયલબ્રાન્ચમાં ફરજ બજાવતા પીઆઇ વિક્રમ.એસ. વણઝારાનો આજે જન્મદિવસ છે. રાજકોટમાં સૌપ્રથમ રાજકોટ તાલુકા પોલીસ મથકમાં ત્રણ વર્ષ ફરજ બજાવી છે.તેઓએ રાજકોટ તાલુકા પોલીસ મથકએ ઇકોફ્રેન્ડલી બનાવવા પોલીસ મથકમાં પક્ષીઓ માટે ચબુતરો અને આજુબાજુમાં અનેક વૃક્ષો વાવ્યા છે.તેમજ તેઓને કામગીરી બદલ ડીજીપી ડેસ્ક એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો.પોલીસ ફરજની સાથે સાથે તેઓ સામાજિક ફરજ પણ અદા કરી રહ્યા છે. સદગુરુ કબીર આશ્રમ (પાલજ) ગાંધીનગર ખાતે વિધાર્થીઓ માટે શૈક્ષણીક કાર્ય તથા હોસ્ટેલ અને લાયબ્રેરી બનાવવાનું કાર્ય કરી રહ્યા છે.આજરોજ તેના જન્મદિવસ નિમિત્તે પોલીસ મિત્રો અને પરિવારજનો દ્વારા તેમના મોબાઈલ નંબર ૯૯૭૮૯ ૯૯૯૪૭ માં શુભેચ્છાઓના મેસેજ આપી રહ્યા છે. તથા સૌરાષ્ટ્ર ક્રાંતી તરફથી જન્મદિવસની શુભકામના...

# મવડી પ્લોટ વેપારી એસોસિએશન દ્વારા દુકાનો ઉપર સ્ટીકર પત્રિકાનું વિતરણ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૯

સંભવીત કોરોનાની ત્રીજી લહેરથી મવડી પ્લોટના નાગરીકોને બચાવી શકાય એવા શુભ હેતુથી મવડી પ્લોટ વેપારી એશોશીએશન દ્વારા દરેક દુકાનો ઉપર કોરોના સામે રક્ષણ આપની વેકસીન લેવા લોકોને અપીલ કરતા સ્ટીકર જેમા માસ્ક પહેરવાથી લઈને જરૂરી કામ સિવાય ઘર બહાર નીકળવું નહી તેમજ પરીવારના સારા-માઠા પ્રસંગો ઘર મેળે જ આટોપવા સહિતના જાગૃતિના વાક્યો લખવામાં આવ્યા છે. તેમજ કોરોના કાળમા લોકડાઉન દરમ્યાન તથા કાળા બજાર ઉપર અંકુશ આવે એટલા માટે દરેક વેપારી સંકલ્પ કરતા હોય એવી પત્રિકા વિતરણ કરવામા આવી હતી.

## સંભવિત કોરોનાની ત્રીજી લહેર સામે જાગૃતિ લાવવા કરાયું આયોજનઃ વૈભવ બોરીચા

આ સ્ટીકર પત્રિકાનું વિતરણ સૌરાષ્ટ્રના જાણીતા ધારાશાસ્ત્રી અંશભાઈ ભારદ્વાજના હસ્તે કરવામા આવ્યુ હતુ.

આ પ્રસંગે યુવા આગેવાન કિશનભાઈ પટેલ તેમજ જયભાઈ સાગઠીયા, કોર્પોરેટરઓ વિનોદભાઈ ટી. સોરઠીયા, લીલુબેન સી.જાદવ, ભારતીબેન એફ. પાડલીયા, ભાજપ આગેવાનો રાજુભાઈ બોરીચા, સંજયભાઈ પીપળીયા, સંજયભાઈ બોરીચા, ગુજરાત પ્રદેશ ભાજપ કિશાન મોરચાના મંત્રી વિજયભાઈ કોરાટ, રાજકોટ શહેર ભાજપ કિશાન મોરચાના પ્રમુખ ભરતભાઈ શીંગાળા, પૂર્વ કોર્પોરેટર નરશીભાઈ કાકડીયા, પ્રિતેશભાઈ ભૂવા, ચેતનભાઈ હિરપરા, શીવાભાઈ ગમઢા વગેરે આગેવાનો બહોળી સંખ્યામાં હાજર રહયા હતા. ગત બીજી કોરોના લહેરમા મવડી પ્લોટ વિસ્તારમાં ઓછામાં ઓછા કોરોના કેસ બને એટલા માટે મવડી પ્લોટ વેપારી એશોશીએશન દ્વારા દર શનિ-રવિ સ્વૈચ્છીક લોકડાઉન રાખવામાં આવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મવડી પ્લોટ વેપારી મંડળના પ્રમુખ વૈભવભાઈ બોરીચા, જયસુખભાઈ ચાંગાણી, મહેશભાઈ સાવલીયા, જમનભાઈ મિસ્ત્રી, મહાવીરસિંહ ગોહિલ, વિજયભાઈ સોરઠીયા, મુકેશભાઈ નારીયા, મેહુલભાઈ પટેલ, ધર્મેશભાઈ સખીયા, રાજ ધામેલીયા પ્રેસ મિડિયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# કુવાડવા રોડ પર નોટ નંબરી રમતા છ ઝડપાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૯

કુવાડવા રોડપર જાહેરમાં નોટનંબરી રમતા છ શખ્સો અને થોરાળા વિસ્તારમાં દારૂનો વેપલો કરવાના ગુનામાં એક વર્ષથી નાસ્તો ફરતો શખ્સની પોલીસે ધરપકડ કરી છે.

આ અંગેની વિગત મુજબ કુવાડવા રોડપર આવેલા આનદ હોસ્પિટલ સામે બગીચામાં જાહેરમાં ચલણી નોટના આધારે નોટ નંબરીનો જુગાર રમતા રાજેશ ઉર્ફ નંબરી હરિદાસ ઠકરાટ, મનોજ માણીરાજ દેસણી , કનૈયાલાલ શાતીલાલ બોસમીવા, રૂખડ સામત ખિત, દિનેશ

**દારૂના ગુનામાં એક વર્ષથી નાસ્તો ફરતો બુટલેગર ઝડપાયો**

ત્રિભુવન દાસ જીજુવાડીયા જેન્તી હિય લુંનાવાડચા સહીત છ શખ્સોની બી.ડીવીજન પોલીસે ધરપકડ કરી રોકડ રૂ.૧૨૩૬૦ કબ્જે કર્યો છે જયારે થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસ્તો ફરતો ભાવેશ ઉર્ફ કુરકુરિયો મહેન્દ્ર ગોહેલ (રહે.રેલનગર સુભાષચંદ્ર બોજ ટાઉનશીપ આવાસ યોજના ક્વાટરો ક્રાઈમ બ્રાંચની ટીમે રેલનગરમાં આસ્થા ચોક પાસેથી ધરપકડ કરી કબ્જે થોરાળા પોલીસને સોપ્યો છે.

# મારામારી અને દારૂના ગુનામાં ગારીડાનો શખ્સ પાસામાં ધકેલાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૯

કુવાડવાના ગારીડા ગામે રહેતો બાબુ દેવસી વાટીયા નામનો કોરી શખ્સ અગાવ મારામારી અને ગામમાં દારૂ વેચવાના ગુનામાં કુવાડવા પોલીસમાં પકડાયા બાદ એરપોર્ટ પોલીસ મંથકના



પી.આઈ એમ.સી વાળા સહિતના સ્ટાફે નામચીન શખ્સ બાબુ દેવસી વાટીવાની અટકાયત કરી પાસા અધિનિયમના નવા સુધારેલા કાયદા મુજબ મારામારી તથા પ્રોરીબીશનના ગેરકાયદે પ્રવૃત્તિ આચરનાઓને પાસમાં અમદાવાદ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

# રાજકોટ જીલ્લા ભાજપ અનુસુચિત જાતી મોરચા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના ૭ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે પ્રદેશ અનુસુચિતજાતી મોરચાના અધ્યક્ષ ડો.પ્રધુમનભાઈ વાંજાની સુચના અનુસાર રાજકોટ જીલ્લા ભાજપ અનુસુચિતજાતી મોરચાના અધ્યક્ષ મનોજભાઈ રાઠોડની આગેવાનીમાં લોધિકા તાલુકાના મેટોડા ખાતે નાથાણી બ્લડ બેંકના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ બ્લડ ડોનેશન કેમ્પના કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશના અને જીલ્લાના આગેવાનો તેમજ મંડલના કાર્યકર્તાઓ, બ્લડ ડોનરો તેમજ બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



**ભાજપ પ્રદેશના અને જીલ્લાના આગેવાનો મંડળના કાર્યકર્તાઓ, બ્લડ ડોનરો ઉપસ્થિત રહ્યા**

આ કાર્યક્રમમાં પ્રદેશ અનુસુચિતજાતી મોરચાના મહામંત્રી વિક્રમભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ રાજુભાઈ અઘેરા, સાંસદ મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, જીલ્લા સંગઠન પ્રભારી રક્ષાબેન બોળીયા, જીલ્લા ભાજપ અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયા, જીલ્લા મહામંત્રીઓ નાગદાનભાઈ ચાવડા, મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલા, જીલ્લા પંચાયત પ્રમુખ ભૂપતભાઈ બોદર, જીલ્લા અનુસુચિતજાતી મોરચાના પ્રમુખ મનોજ રાઠોડ, મહામંત્રીઓ લાલજીભાઈ આદું, મહેશભાઈ વાણીયા, મનરેગા ડીરેક્ટર ગીરીરાભાઈ પરમાર, પ્રદેશ કિસાન મોરચાના મંત્રી વિજયભાઈ કોરાટ, જીલ્લા મહિલા મોરચાના પ્રમુખ સીમાબેન જોશી, જીલ્લા પંચાયતના શાસક પક્ષના દંડક અલ્પાબેન તોગડિયા, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન મોહનભાઈ દાફડા, અમૃતભાઈ મકવાણા, મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન રાજેશભાઈ ચાવડા, તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ કમાણી, મહામંત્રી દિલીપભાઈ ફૂંગશીયા તથા મોહનભાઈ ખુંટ રાજકોટ તાલુકા ભાજપના પ્રમુખ બાબુભાઈ નસીત, પૂર્વ અનુ.જાતી મોરચા પ્રમુખ ગોવિંદભાઈ રાઠોડ, રાજકોટ જીલ્લા સંઘના ડિરેકટર મુકેશભાઈ તોગડીયા, તાલુકા પંચાયત પ્રમુખ ગીતાબેન રાઠોડ, મેટોડા જી.આઈ.ડી.સી.એસો.પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, હરીપર ઇન્ડસ્ટ્રીઝ એશો.પ્રમુખ ડેનીશભાઈ પટેલ, જીલ્લા મીડિયા વિભાગ ઇન્ચાર્જ અરૂણભાઈ નિર્મળ સહિતનાં ઉપસ્થિત રહ્યા હતા.

## મનપા સંચાલિત લાઈબ્રેરીના સભ્યો માટે

# જુના મેગેઝીનોની મૂળ કિંમતના ૧૦% ભાવથી વેંચાણ કરાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૯

મહાનગરપાલિકા સંચાલિત શ્રીમતી પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય, બહેનો તથા બાળકો માટેના ફરતા પુસ્તકાલય યુનિટ નં. ૧ અને ૨ તથા દતોપંત ઠેગડી પુસ્તકાલય તથા મહિલા વાંચનાલય નાનામવા એકટીવીટી સેન્ટર તથા આંબેડકર ભવન પુસ્તકાલય તથા બાબુભાઈ વૈદ્ય લાઈબ્રેરીના સભ્યો માટે ગત વર્ષના જુના મેગેઝીનો તેની મૂળ કિમતના દશ ટકા ભાવથી તા.૧૦ થી તા.૧૯ સુધી વેંચાણ કરવામાં આવશે. લાભ લેવા ઇચ્છતા સભ્યોને સોમવાર થી શુક્રવાર સવારે ૧૧ વાગ્યા થી સાંજના ૫ વાગ્યા સુધીમાં શ્રીમતી પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય, ૩૪ પ્રહલાદ પ્લોટ, કેનાલ રોડ તથા દતોપંત પુસ્તકાલય, શ્રોફ રોડ તથા બાબુભાઈ વૈદ્ય લાઈબ્રેરી, પેરેડાઈઝ હોલ સામે, ખાતેથી માળી શકશે. જે સભ્યોએ લાભ લેવા જણાવવામાં આવે છે.

# આકાશ એજ્યુકેશનલ સર્વિસિસનું રાજકોટમાં પ્રથમ ઈન્ફોર્મેશન સેન્ટર શરૂ

## મેડિકલ, એન્જિનિયરિંગની પ્રવેશ પરીક્ષા તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરીક્ષા માટેની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓને તમામ જરૂરી અભ્યાસક્રમો સંબંધિત માહિતી આપશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૯

દેશના વિવિધ પ્રદેશો પોતાના નેટવર્કને વિસ્તૃત કરવાના ઉદ્દેશ્યને આગળ વધારવા માટે, હજારો વિદ્યાર્થીઓના ડોકટર અને આઇઆઇટીયન બનવાના સ્વપ્નને સાકાર કરવામાં મદદ કરવા, ટેસ્ટ પ્રિપરેશન સર્વિસમાં દેશભરમાં અગ્રણી એવા આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડ (એઇએસએલ) એ આજે તેનું પ્રથમ ઇન્ફોર્મેશન સેન્ટર રાજકોટ ખાતે ૧૦૪, કોસ્મો સંકુલ, મહિલા કોલેજ ચોકમાં ખોલ્યુ છે.

આ ઇન્ફોર્મેશન સેન્ટર વિદ્યાર્થીઓને આકાશ એજ્યુકેશનલ, તેના દ્વારા ઓફર કરાતા અભ્યાસક્રમો, સ્થળો વગેરે સંબંધિત તમામ મહત્વપૂર્ણ જાણકારી પૂરી પાડશે. વિદ્યાર્થીઓને આકાશમાં મેડિકલ અને એન્જિનિયરિંગ તેમજ મૂળભૂત પાયાના અભ્યાસક્રમોની પસંદગી કરવાનો વિકલ્પ હશે.

નવા ઇન્ફોર્મેશન સેન્ટરનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન ચીફ ઓપરેટિંગ ઓફિસર સંદીપ ધામ, રિજનલ ડિરેક્ટર ડો. એચ.આર. રાવ, ડોપ્યુટી ડિરેક્ટર ડો. એસ.કે. વિજય દ્વારા કરવામાં આવ્યુ છે.

જે વિદ્યાર્થીઓ આકાશમાં પ્રવેશ મેળવવા ઇચ્છે છે તેઓ તાત્કાલિક એડમિશન કમ સ્કોલરશીપ ટેસ્ટ (iACST) અથવા ANTHE (આકાશ નેશનલ ટેલેન્ટ હન્ટ એક્ઝામ) માટે નોંધણી કરાવી શકે છે. iACST એ તાજેતરમાં ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શરૂ કરેલ શિષ્યવૃત્તિ કાર્યક્રમ છે, જે તેમને તરત જ ટ્યુશન ફી પર ૯૦% શિષ્યવૃત્તિ જીતવાની તક આપે છે.

# નાના-મધ્યમ વર્ગીય વેપારીઓ-વ્યવસાયીકોને વેરામાંથી મુકિત આપવા માંગ

## મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર પાઠવી રજૂઆત કરતા વિપક્ષી નેતા બાનુબેન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૯

મહાનગરપાલિકાના વિપક્ષી નેતા ભાનુબેન સોરાણીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર પાઠવી જણાવ્યું છે કે, સમગ્ર વિશ્વમાં કોવીડ-૧૯ મહામારીના પગલે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા લોકડાઉન કરવામાં આવેલ હતું ત્યારે નાના-મોટા વેપારીઓ અને વ્યવસાયીઓને આ સ્થિતિમાં ધંધા-વ્યવસાય-રોજગાર બંધ હોય તેવી સ્થિતિમાં નુકશાની ભોગવવી પડી હતી અને બેરોજગાર થવું પડ્યું હતું.

શહેરમાં કોરોના મહામારીને કારણે લોકડાઉનની સ્થિતિ રહી છે જેમાં વેપારીઓ અને વ્યવસાયીઓને આ સમયે ઘરે બેસવું પડ્યું હતું જેના પગલે આર્થિક સ્થિતિ ડામાડોળ થયેલ છે અને અનેક લોકોને બેરોજગારીનો સામનો કરવો પડ્યો છે જે અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઉઘરાવાતો વ્યવસાયવેરો એક વર્ષ માટે માફ કરવામાં આવે તેવી રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભામાં તા.૩૦/૩ ના રોજ વેપારીઓ અને વ્યવસાયીઓના હિતમાં વિપક્ષ દ્વારા દરખાસ્ત મુકવામાં આવેલ હતી જેમાં આ દરખાસ્તનો ભાજપે જ બહુમતીથી વિરોધ કર્યો હતો અને પ્રજાના હિતની દરખાસ્ત ભાજપના શાસકોએ નકારી હતી.

રાજ્યમાં સિનેમાગૃહ, મલ્ટીપ્લેક્સ અને જીમને ૧ એપ્રિલ થી ૩૧ માર્ચ ૨૦૨૨ સુધીના સમયગાળા માટે પ્રોપર્ટી ટેક્ષમાંથી મુક્તિ આપવામાં આવેલ છે મોલ-મલ્ટીપ્લેક્સ અને જીમને વીજ બીલમાં ફિક્સ ચાર્જમાંથી મુકિત આપવાના નિર્ણયને અમો આવકારીએ છીએ.

નાના-મોટા વેપારીઓ, વ્યવસાયીઓને પ્રોફેશનલ ટેકસમાં બે વર્ષની મુકિત આપવા અને કારખાનાઓ, ગૃહ ઉદ્યોગ, દુકાનદારો સહિતનાઓને પણ ઉપરોક્ત નિર્ણયમાં સમાવવા અને સંવેદનશીલતા દાખવવામાં આવે તેવી વેપારીઓ અને વ્યવસાયીઓ તેમજ ઉદ્યોગ સાહસિકોના હિતમાં રજૂઆત કરીએ છીએ. આ તમામને બે વર્ષના સમયગાળામાં પ્રોફેશનલ ટેક્સ, પ્રોપર્ટી ટેક્ષ, વીજ બીલમાંથી રાહત અને લાભ મળે.

# રાજકોટ એરપોર્ટમાં એર ઈન્ડિયાની ઓફિસમાં આગ લાગતા અફરાતફરી




## શોટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તારણઃ CISFના જવાનોએ કાચ તોડી આગ બુઝાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજકોટ એરપોર્ટ પર આજે સવારના સમયે આગની ઘટના સામે આવી હતી. આજે સવારના સમયે એરપોર્ટની અંદર આવેલી એર ઈન્ડિયાની બુકિંગ ઓફિસમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. તેમજ સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી. જોકે CISFના જવાનોએ કાચ તોડી આગ બૂઝાવી દીધી હતી.આગ શોટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ સામે આવી રહ્યું છે. જોકે સદનસીબે આગ લાગવાના પગલે કોઇ જાનહાનિ કે મોટું નુકસાન થયું નથી. રાજકોટ એર ઇન્ડિયાના સ્ટેશન મેનેજર હરિઓમ શર્માએ આ અંગે વિગત આપતા જણાવ્યું હતું કે, આજે સવારના સમયે લગભગ ૮ વાગ્યાના અરસામાં એરપોર્ટ પરથી ફોન આવ્યો હતો. જેમાં એરપોર્ટ પરની ઓફિસમાં આગ લાગી હોવાનું જણાવતા તેઓ તુરંત એરપોર્ટ પહોંચ્યા હતા. પરંતુ એરપોર્ટ પર હાજર CISFના જવાનો દ્વારા અગ્નિશામક સાધનનો ઉપયોગ કરી ઓફિસનો કાચ તોડી માત્ર ૧૦થી ૧૫ મિનીટમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ગત ડિસેમ્બર મહિનામાં સૌરાષ્ટ્રના પ્રવાસે આવ્યા હતા. ત્યારે પહેલા રાજકોટની ટૂંકી મુલાકાતે પહોંચ્યા હતા. જોકે, તેમનું વિમાન ઉતર્યાની ગણતરીના મિનીટોમાં જ રનવેની બાજુમાં ઘાસમાં એકાએક આગ ભભૂકી ઉઠતા અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, આગના બનાવ અંગેની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગની આ ઘટનામાં કોઇ જાનહાની થઇ નહોતી.

## અંકલેશ્વરઃ માંડવા ગામે દારૂનાં નશામાં 3 મિત્રો બાખડતા એકની હત્યા

### હુમલાખોર બંને ભાઈને ગંભીર ઈજા થતા સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
અંકલેશ્વર,તા.૯

ભરૂચ જિલ્લામાં મારા મારીની ઘટનામાં અત્યાર સુધીના બનાવો એક જ મહિનામાં વધુ પ્રમાણમાં નોંધાયો હોવાની માહિતી સાંપડી રહી છે ત્યારે અંકલેશ્વર તાલુકાના માંડવા ગામે વધુ એક ઘટનામાં દારૂના નશામાં ૩ મિત્રો બાખડતાં એકની હત્યા થઈ ગઈ હતી જ્યારે હુમલાખોર બે ભાઈને પણ ગંભીર ઇજાઓ થતા તેઓને સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

અંકલેશ્વરના માંડવા ગામે રીક્ષા સ્ટેન્ડ થી ત્રણ મિત્રો દારૂના નશામાં હતા તે દરમિયાન કોઇ કારણોસર ત્રણે વચ્ચે મારામારીની ઘટના બની હતી જેમાં બે સગા ભાઈ નામે રાજેશભાઈ રમેશભાઈ પટેલ ઉંમર વર્ષ ૩૫ તથા તેનો ભાઈ સુરેશ રમેશ પટેલે અનિલ રણછોડ પટેલ ઉપર ચપ્પુથી હૂમલો કરતાં અનિલને છાતી-પેટના ભાગે ગંભીર ઈજા થતા તેને સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબોએ તેઓને મરણ જાહેર કર્યો હતો જેના પગલે મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

હુમલાખોર બંને ભાઈને પણ મોઢાના ભાગે ગંભીર ઇજા થતા સારવાર માટે ભરૂચ સિવિલ ખાતે ખસેડયા હતા. સિવિલમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થાનિક પોલીસને પણ બોલાવવાની ફરજ પડી હતી.

ઇજાગ્રસ્તોને ભરૂચ સિવિલમાં લવાતા હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં દારૂની દુર્ગંધથી ફરજ પર હાજર તબીબો પણ ભારે ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. (૧૨.૫)

## અંકલેશ્વરની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ, વિદ્યાર્થીઓનાં ઓનલાઇન વર્ગો શરૂ

### શાળા–હાઈસ્કૂલોમાં શિક્ષકોની સો ટકા હાજરી જોવા મળી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
અંકલેશ્વર, તા.૯

રાજ્ય માં વર્ષ ૨૦૨૧ -૨૨ નું નવા શૈક્ષણિક સત્ર નો આજ થી પ્રારંભ થયો છે ,અંકલેશ્વરની પ્રાથમિક શાળાઓ અને હાઈસ્કૂલોમાં આજથી નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થઇ છે ત્યારે સ્કૂલો અને હાઈસ્કૂલોમાં આચાર્ય, શિક્ષકો અને અન્ય કર્મચારીઓ હાજર રહી નવા સત્રનો પ્રારંભ કર્યો હતો .

નવું શૈક્ષણિક સત્ર તો શરૂ થઈ રહ્યું છે પરંતુ કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ જ આપવામાં આવશે. તમામ વિદ્યાર્થીઓએ ઘરે જ અભ્યાસ કરવાનો રહેશે. જ્યારે સ્કૂલોમાં શિક્ષક, આચાર્ય અને અન્ય કર્મચારીઓ હાજર રહ્યા હતા. કોરોના મહામારી વચ્ચે ફરીથી ઓનલાઇન શિક્ષણની શરૂઆત થઇ છે. મહત્વનું છે કે આ વર્ષે કોરોનાને કારણે ધોરણ ૧ થી ૧૨ ની તમામ પરીક્ષાઓ રદ કરી દેવામાં આવી છે. બધા વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી દેવામાં આવ્યા છે. અંકલેશ્વરની સ્કૂલોમાં સેનિટાઈઝેશન પણ કરવામાં આવ્યું છે.

સ્કૂલમાં આવતા શિક્ષકો અને કર્મચારીઓનું ટેમ્પરેચર ફરજીયાત રોજ થર્મલ સ્ક્રીનિંગથી ચેક કરવા માં આવશે. (૧૨.૬)

## કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાતા પૂર્વ કેન્દ્રીય મંત્રી જીતીન પ્રસાદ

## જૈન અગ્રણી દ્વારા સ્વજનોનાં સ્મરણાર્થે ગૌમાતાઓને લાડવા અર્પણ

### સ્વ.મૂળવંતભાઈની તિથી નિમિતે વૃધ્ધાશ્રમમાં જમણવારી આયોજન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

જૈન અગ્રણી સેવાભાવી ગુણવંતભાઈ મહેતા દ્વારા જૈન અગ્રણી તથા બી.જે.પી. વોર્ડ નં. ૭ નાં પ્રમુખ રમેશભાઈ દોમડીયાની પ્રેરણાથી સ્વજનો સ્વ. રસીલાબેન જી મહેતા, સ્વ. વિપુલભાઈ પી. મહેતા તથા સ્વ. પ્રફુલભાઈ એલ. મહેતા ના સ્મરણાર્થે ગૌમાતાઓને લાડવા અર્પણ કરવામાં આવનાર છે. ગુણવંતભાઈ મહેતા દ્વારા સમયાંતરે મુક સ્વયંસેવક બની રાજકોટ મહાજનની પાંજરાપોળ, એનીમલ હેલ્પલાઈન કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, વૃધ્ધાશ્રમો, રાજકોટ સ્થાનકવાસી જૈન પ્રતિક્રમણ યોજના મંડળ વગેરે સંસ્થાઓમાં ફૂલ નહી કે ફૂલની પાંખડીનાં રૂપે સહયોગ આપવામાં આવી રહયો છે. સ્વ. મૂળવંતભાઈ દોમડીયાની તીથી નિમિતે સ્થાનકવાસી જૈન પ્રતિક્રમણ યોજના મંડળ દ્વારા વૃધ્ધાશ્રમોમાં જમણવારીનું આયોજન કરવામાં આવનાર છે. આ સમયે રમેશભાઈ દોમડીયા દ્વારા સર્વે પ્રતિક્રમણ યોજના મંડળના સભ્યઓને ખાસ ૨૧ વખત નવકારમંત્રનો જાપ કરવા માટે અરજી કરવામાં આવેલ છે.(૧૪.૧)

## વાલિયાના વટારીયા ગામે જુગાર રમતા ત્રણ જુગારીઓ ઝડપાયા

### વાલિયા પોલીસે રોકડ રકમ ત્રણ વાહનો અને મોબાઈલ મળી ૮૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો




(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
વાલિયા, તા.૯

વાલિયા પોલીસે વટારીયા સુગર ફેક્ટરીની કોલોનીના ક્રિકેટ ગ્રાઉન્ડ નજીકથી જુગાર રમતા ત્રણ જુગારીયાઓને ઝડપી પાડી રોકડ રકમ ત્રણ વાહનો અને મોબાઈલ મળી રૂપિયા ૮૫ હજારના મુદ્દામાલ કબ્જે કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે .

પોલીસ સૂત્રીય માહિતી મુજબ વાલિયા તાલુકાના વટારીયા સુગર ફેક્ટરીની કોલોનીના ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે વાલિયા પોલીસ મથકના મહિલા પી.આઈ.એસ.કે ગામીતે સ્ટાફ સાથે સ્થળ ઉપર રેડ કરતા જુગાર રમતા બીકુ પ્રસાદ ,ક્રિષ્ના પાટીલ અને ગોરખ આહીરે ને ઝડપી પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા ૧૦ હજાર અને ત્રણ બાઈક તેમજ ત્રણ મોબાઈલ ફોન મળી કુલ ૮૫ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.(૧૨.૪)

## સતપંથ સંપ્રદાય દ્વારા સામુહિક નામયજ્ઞનું આયોજન

### ચિંતા નહીં ચિંતન કરો ના ભાવ સાથે ઘરે જ મંત્રનો સામુહિક જાપ કરવા અપીલ

અમદાવાદ, તા.૯

કોરોના હારશે; આપણે જીતીશું એવા સંકલ્પ સાથે કોરોનાગ્રસ્તોની સદ્દગતિની તથા કોરોના યોદ્ધાઓ સહીત આબાલવૃદ્ધોના ઉત્તમ સ્વાથ્યની મંગલકામના કરવા માટે સનાતન સતપંથ સંપ્રદાયે સામુહિક નામયજ્ઞનું વિરાટ સ્તર પર આયોજન કર્યું છે. વિશ્વ શાંતિ માટે પ્રેરણા પીઠાધીશ્વર જગદ્દગુરુ સતપંથાચાર્ય જ્ઞાનેશ્વરદાસજી મહારાજના માર્ગદર્શનમાં દેશવિદેશના લાખો અનુયાયીઓ સાથે સહુકોઈ શ્રદ્ધાળુઓ જોડાઈને તા.૧૩ મી જૂને સાંજે ૭.૩૦ થી ૮.૦૦ વાગ્યા દરમિયાન ન ચિંતા નહીં ચિંતન કરો ના ભાવ સાથે ૨૫ મિનિટ માટે પોતપોતાના ઘરમાં અથવા મંદિરમાં ૐ શ્રી નિષ્કલંકી નારાયણ નમઃ મહામંત્રનો સામુહિક જાપ કરે તથા પાંચ મિનિટ માટે શ્રીમન નારાયણ નારાયણ નારાયણ ધૂનનું નામ સંકિર્તન કરી નિરાશા, ચિંતા, ભયને સમાપ્તી સાથે સકારાત્મક ઉર્જાનો આનંદમય અનુભવ કરે એવું સંસ્થાના પ્રમુખ દેવજીભાઈ ભાવાણીએ જણાવ્યું છે.

## કચ્છના કોઠારા ગામે છકડા ચાલક યુવાનની હત્યા

ભુજ તા. ૯ : કચ્છના અબડાસા તાલુકાના કોઠારા ગામે યુવાન છકડા ચાલકની હત્યાના બનાવે ચકચાર સર્જી છે. કોઠારાની બાજુમાં આવેલ સુથરી ગામના ૪૦ વર્ષીય છકડા ચાલક જયેશ શિવજી રાજગોર ને ગળે ટુંપો આપી અજાણ્યા શખ્સે હત્યા કરી હતી. ગામની બહાર શીતલા માતાજીના મંદિર પાસે સ્મશાન નજીક છકડા ચાલક જયેશને મોતને ઘાટ ઉતારી દેવાયો હતો. આ અંગે કોઠારા પોલીસે ગુનો નોંધી સઘન તપાસ હાથ ધરી છે.

### અર્બન ફોરેસ્ટ 'રામવન'ની સ્થળ મુલાકાત લેતા પદાધિકારીઓ

## રામ સેતુ થીમનાં આધારે તળાવ પર બ્રિજ બનાવાશે



### સિવિલ વર્કનું કામ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવા સુચના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા પ્રોજેક્ટો ચાલી રહ્યા છે જે પૈકી ૪૭ એકર જગ્યામાં અર્બન ફોરેસ્ટ રામવન ડેવલપમેન્ટની કામગીરી ચાલી રહેલ છે. જેના અનુસંધાને આજેના રોજ મેયર ડો.પ્રદિપ ડવ, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, ડે.કમિશનર સિંઘ, બાગ બગીચા સમિતિના ચેરમેન અનિતાબેન ગોસ્વામી, સિટી એન્જી. ભાવેશભાઈ જોષી, ગાર્ડન એન્ડ પાર્કર્સ ડિરેક્ટર હાપલીયા, વિગેરેએ અર્બન ફોરેસ્ટ રામવનની મુલાકાત લીધી હતી.

આજીડેમ પાસે ડાઉન સ્ટ્રીમ વિસ્તારમાં નેશનલ હાઇવેથી નજીક ૪૭ એકર જમીન પર અર્બન ફોરેસ્ટ રામવન વિકસાવવા માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. શ્રી રામવન ડેવલપ થતા આ વિસ્તારમાં શહેરીજનોને એક શાંતિપુર્ણ અને સ્વાસ્થ્યપ્રદ વાતાવરણની અનુભૂતિ થશે.

આ કામમાં અત્યાર સુધીમાં ૪.૫ કિ.મી.ના મુખ્ય માર્ગ લેક ડેવલપમેન્ટ તેમજ ગજેબાના અને ઓફીસ બિલ્ડીંગની ચાલી રહેલ કામગીરીનું નિરીક્ષણ કરેલ. સિવિલ વર્કનું કામ ડિસેમ્બર અંત સુધીમાં પૂર્ણ કરવા સુચના આપેલ.

થીમ આધારિત શ્રીરામના જીવનને સ્પર્શતા વિવિધ પ્રસંગો આધારિત અને લોકોના જીવન ઘડતરમાં જરૂરી ઉપદેશાત્મક સંદેશા આપતા આર્ટવર્ક તથા વિવિધ આકારોના સ્કલ્પચર્સ ડેવલપ માટે ટેન્ડર પ્રકિયા વહેલીતકે કરવા પણ જણાવ્યું હતું.

### અર્બન ફોરેસ્ટની વિશેષતાઓ :

| | | | |
|---|---|---|---|
| અર્બન ફોરેસ્ટ ફરતે કમ્પાઉન્ડ વોલ અને ફેન્સીંગ | પાણીના પરબ, ટોઇલેટ બ્લોકસ | રોડ જંકશન આઈલેન્ડ, | બગીચામાં થડ આકારની બેન્ચીસ |
| એડમીન ઓફીસ | બાળકો માટે પ્લેગ્રાઉન્ડ, | સોલાર લાઈટ્સ | તળાવને ફરતે રેલીંગ |
| સાઈકલ ટ્રેક, વોકિંગ ટ્રેક, ગઝેબો | એક્ઝીબીશન એરિયા માટે પ્લેટફોર્મ | એન્ટ્રી ગેઈટ | રામ સેતુ થીમના આધારે બ્રીજ, |
| કુદરતી પાણીના સ્ત્રોતોનું નવીનીકરણ, | ઓપન એર એમ્ફી થીયેટર, | રામવન થીમ આધારિત | મુલાકાતીઓને બેસવા માટે ફોરેસ્ટ હટ |
| પાથ-વે તેમજ પુલ અને રેલીંગ | વિવિધ પ્રકારની બેન્ચીસ | આકર્ષક એન્ટ્રી ગેઈટ | નોર્મલ હટ |

## અંજારમાં વ્યાજખોરોના ત્રાસથી કંટાળી વેપારીએ તાવની ગોળીઓ પીધી

(અમારા પ્રતિનિધિ દ્વારા)
કચ્છ.તા.૯

અંજારના મીત અશ્વિન દવે નામના વ્યાપારી યુવાને એક સામટી ૫૦ ગોળીઓ ખાઈ લેતા તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. આ વ્યાપારી યુવાનના ભાઈ મન અશ્વિન દવેએ પ્રિયા કોડરાણી અને સંદીપ સાંઘાણી પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. ૩૨ ટકા વ્યાજ વસુલનારા આ બન્નેએ મન દવેએ આપેલો૧૦ લાખનો ચેક બેંકમાં નાખ્યાં બાદ તે પરત જતાં પઠાણી ઉઘરાણી કરી હતી. જેમાં સમાધાન થયા બાદ ૧૦ હજારના ૧૦૧ હપ્તા નક્કી કરાયા હતા. જેમાં ૫૦ હજાર આપી દીધા બાદ પૈસા આપી ન શકતા વ્યાજખોરોએ મનના ભાઈ મીત દવે પાસેથી કડક ઉઘરાણી કરતા તે પેરસિટામોલની ૫૦ ગોળીઓ ખાઈ ગયો હતો.



ત્યારબાદ તેને હોસ્પિટલમાં દાખલ કરી આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**
**મો.9429787729**
**email:-saurashtrakranti@gmail.com**

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા–કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

## ભારતીય રાષ્ટ્રીય મજદુર કોંગ્રેસનાં પ્રમુખની કલેકટરને લેખિતમાં રજૂઆત

### ગરીબ શ્રમિકો અન્નપુર્ણ યોજના તાત્કાલિક શરૂ કરવા માંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૯

ભારતીય રાષ્ટ્રીય મજદુર કોંગ્રેસ (ઇન્ટુક) નાં પ્રમુખ મુકેશ પરમારે કલેકટરને લેખિત રજૂઆત કરીને જણાવાયું કે

ગુજરાત સરકાર દ્વારા રાજયના અનેક શહેરોમાં શ્રમીકો માટે અન્નપૂર્ણા યોજના શરૂ કરવામાં આવેલ હતી. તે બંધ કરી દેવાતા ગરીબ શ્રમીકોને આ કોરોનાકાળ દરમ્યાન ખાવાની હાલાકી ભોગવવી પડે છે. ગુજરાત રાજયમાં કોરોનાની મહામારીના કારણે લોકો ધંધા રોજગાર વગરના બેકાર થઈ ગયા છે. અનેક મજુરોને હાલ ખાવાના ફાફા પડી રહયા છે. કામધંધા બંધ હોવાને કારણે લોકોને મજુરી મળી રહી નથી. આવા સમયે ૧૦ રૂપિયામાં મળતી અન્નપૂર્ણા યોજના બંધ કરી દેવાતા શ્રમીકો ઘણી મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. જેથી ગરીબ શ્રમીકોના હિતમાં આ યોજના મુળ સ્વરૂપે ચાલુ કરવા ભારતીય રાષ્ટ્રીય મજદુર કોંગ્રેસ (ઈન્ટુક) રાજકોટ દ્વારા માંગણી કરવામાં આવે છે. આ યોજના સત્વરે વિના વિલંબે શરૂ કરવા માનનીય રાજય સરકારને આપના મારફત અપીલ કરીએ છે.

# રાજકોટમાં હજુ માસ્કના મુદ્દે તંત્ર અને નાગરિકો વચ્ચે બખેડાના દ્રશ્યો



## આમ્રપાલી અંડરબ્રિજ પાસે દંડ મુદ્દે દંપતી પોલીસ સાથે બાખડી પડયું, સવારના સમયમાં અંડરબ્રિજ પાસે લોકોના ટોળે ટોળા એકત્ર થયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૯

રાજકોટ શહેરમાં કોરોનાની મહામારીનો કપરો કાળ પુરો થઇ રહયો છે. પરંતુ હજુ સાવધાની અને સાવચેતી જાળવવાનું જરૂરી હોવાનું નિષ્ણાંતો કહી રહયા છે ત્યારે રાજકોટ શહેર પોલીસ હજુ પોતાની ફરજમાં કોઇ ઢીલ બતાવી રહી નથી. જેના પરીણામે કયારેક કયારેક નાગરિકો સાથે ફરજ પરની પોલીસને ચળભળ થઇ પડતી હોવાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. આવો જ એક તમાસો બુધવારે સવારના સમયે જ આમ્રપાલી અંડરબ્રિજ પાસે જોવા મળ્યો હતો. બ્રિજ પાસેથી પસાર થતા એક દંપતીને ફરજ પરના પોલીસ કર્મીએ અટકાવી માસ્ક ન પહેરવા બદલ દંડ ભરવાનું કહેતા આ દંપતી રોષે ભરાયું હતું અને ફરજ પરના પોલીસ કર્મીઓ સાથે જીભાજોડી શરૂ થઇ ગઇ હતી. સ્થળ પર તમાશાને તેડું ન હોય તેમ મોટી સંખ્યામાં લોકો એકઠા થઇ ગયા હતા. આ દંપતી હૈયા વરાળ ઠાલવીને બરાડા પાડી કહેતું સંભળાયું હતું કે, સવારે લોકો પોતાના નિયમીત કામકાજે જવા નીકળે છે ત્યારે જ અટકાવીને પોલીસ દંડ વસુલવા લાગે છે. એક તબક્કે તો આ દંપતી રસ્તા પર બેસી ગયું હતું અને વિરોધ પ્રદર્શન ચાલુ કરી દીધુ હતું. થોડો સમય સુધી આ રકઝક અને નાટક ચાલુ રહયા હતા. બાદમાં ઉચ્ચ અધિકારીઓની સમજાવટથી મામલો થાળે પડયો હતો અને ટોળા વીખેરાઇ ગયા હતા. પોલીસ અત્યારે માસ્ક અને ડિસ્ટન્સ બાબત તેની ફરજ બજાવી રહી છે ત્યારે લોકોમાં દંડની વસુલાત સામે રોષ અને આક્રોશ જોવા મળી રહયા છે. તેના પરીણામે અવાર-નવાર આવા બખેડા સર્જાતા હોય છે. આ અંગે પોલીસ અને નાગરીકો બન્ને સમજદારી અને સમજાવટથી કામ લે એ જરૂરી બન્યું છે.

## આશ્રમમાં ઘરના જ ઘાતકી નીકળ્યા

# મહંતની આત્મહત્યા પાછળ ‘બ્લેક મેઇલીંગ’ કારણભૂત

### દોઢ વર્ષથી મહિલા સાથેના ૬ જેટલા વીડિયો દેખાડી ત્રણેય શખ્સોએ કટકે -કટકે રૂ. ૨૦ લાખ સુધીની રકમ કટકટાવી લીધી : મહંતે સ્યુસાઇડ નોટ લખ્યા બાદ ઝેરી દવા પીધી : ખાનગી હોસ્પિટલના ડોકટરે કે ટ્રસ્ટી મંડળે કુવાડવા પોલીસને જાણ કરવાની તસ્દી પણ ન લીધી, અંતે કુદરતી મોત ગણાવી અંતિમવિધી પણ કરી નાંખવામાં આવી હતી



કાગદળી ગામે આવેલા ખોડીયાર ધામ આશ્રમના મહંતનું કુદરતી મૃત્યુ નહીં, પરંતુ તેના કૌટુંબીક ભત્રીજા સહિત ત્રણ શખ્સોના બ્લેક મેલીંગથી કંટાળી ઝેરી દવા પી આપઘાત કર્યાનું કુવાડવા પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલી પત્રકાર પરીષદમાં ડીસીપી ઝોન-૧ પ્રવિણ મીણાએ જણાવતા ખળભળાટ મચી ગયો હતો. સુસાઇટ નોટ અને સીસીટીવી ફુટેજ, ટ્રસ્ટી મંડળના નિવેદનોના આધારે ત્રણ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરાશે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા ૦૯

રાજકોટ-મોરબી હાઇવે પર આવેલા કાગદડીના શ્રી ખોડિયારધામ આશ્રમના મહંત સાધુ જયરામદાસ ગુરૂપ્રેમદાસની આત્મહત્યાનો ભેદ ઉકેલી નાખવામાં કુવાડવા પોલીસને સફળતા મળી છે.કોડીનાર પંથકમાં રહેતો કુટુંબી ભત્રીજો, ભત્રીજાનો બનેવી અને આશ્રમે સેવક તરીકે આવતા ભરવાડ સેવક દોઢ વર્ષથી મહંતને બ્લેકમેલિગ કરીને કાર સહીત રૂ.૨૦ લાખ સુધીની રોકડ રકમ પડાવી લીધી હતી.મહિલા સાથેના વીડિયો બાબતે અંતે સમાધાન નહિ



કાગદળીના સાધુ
જયરામદાસ ગુરૂપ્રેમદાસ

થતા ત્રણેય શખ્સોના ત્રાસથી કંટાળી ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હતું.કુવાડવા પોલીસે સીસીટીવી ફૂટેજ -૨૦ પાનની સ્યુસાઇડ નોટ કબ્જે કરી ત્રણેય શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાગદડીમાં રાજકોટ-મોરબી હાઇવે પર આવેલા શ્રી ખોડિયારધામ આશ્રમના મહંત સાધુ જયરામદાસ ગુરૂપ્રેમદાસનું ગત તા.૧ના રોજ અવસાન થયું હતું. તેમનું કુદરતી મૃત્યુ થયાનું ગામલોકો-સેવકોને જણાવી તેમના અગ્નિ સંસ્કાર પણ કરી નાંખવામાં આવ્યા હતાં. જો કે અંતિમવિધી થઇ ગયાના બે દિવસ પછી મહંતના ઉપરના રૂમમાંથી એક સ્યુસાઇડ નોટ ટ્રસ્ટીને મળી આવી હતી. જેના આધારે ડીસીપી પ્રવિણકુમાર મીણા, એસીપી એસ. આર. ટંડેલની રાહબરીમાં પીઆઇ એન. એન. ચુડાસમા, પીએસઆઇ બી. પી. મેઘલાતર, હિતેષભાઇ ગઢવી, હરેશભાઇ સારદીયા તથા ડી. સ્ટાફની ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

સ્યુસાઇડ નોટને આધારે થયેલી તપાસને અંતે પોલીસે કાગદડીમાં રહેતાં ખેડૂત અને શ્રી ખોડિયારધામ આશ્રમના ટ્રસ્ટી મંડળ સાથે સંકળાયેલા રામજીભાઇ જેશાભાઇ લીંબાસીયા (ઉ.વ.૫૨)ની ફરિયાદ પરથી પોલીસે કોડીનારના પેઢાવાડા ગામે રહેતાં મહંત સાધુ જયરામદાસબાપુના કુટુંબી ભત્રીજા અલ્પેશ પ્રતાપભાઇ સોલંકી, તેનો બનેવી સુત્રાપાડાના પ્રશ્નાવડા ગામે રહેતાં હિતેષ લક્ષ્મણભાઇ જાદવ અને રાજકોટ ગાંધીગ્રામમાં રહેતાં વિક્રમ દેવજીભાઇ સોહલા (ભરવાડ) તથા તપાસમાં ખુલે તે તમામ વિરૂધ્ધ આઇપીસી ૩૦૬, ૧૧૪ મુજબ ગુનો નોંધી હાલ ત્રણેય મુખ્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. આ ત્રણેય ફોન બંધ કરીને ગાયબ થઇ ગયા છે.

ફરિયાદમાં જણાવાયું છે કે સાધુ જયરામદાસ ગુરૂપ્રેમદાસ કાગદડી આશ્રમમાં છેલ્લા સત્તર વર્ષથી રહીને સેવાપૂજા કરતાં હતાં. તેઓ મુળ કોડીનાર પંથકના વતની હતાં. મહંત જયરામદાસબાપુ પર આરોપીઓ અલ્પેશ, હિતેષ અને વિક્રમે અવાર-નવાર માનસિક ત્રાસ ગુજાર્યો હતો. મહંતનો એક સ્ત્રી સાથેનો વિડીયો ઉતારવામાં આવ્યો હતો અને એ વિડીયો કલીપને ત્રણેયએ આર્થિક લાભ મેળવ્યો હતો અને હજુ પણ આ લાભ મેળવવાનો ચાલુ રાખ્યો હતો.આ કૃત્યમાં અલ્પેશ અને તેના બનેવી હિતેષને ગાંધીગ્રામનો વિક્રમ પુરેપુરો સપોર્ટ કરતો હતો. વિક્રમ ભરવાડે તો મહંતને વારંવાર મારકુટ પણ કરી હતી. આ ત્રાસ આરોપીઓ દ્વારા શરૂ



ફરાર આરોપી
વિક્રમ દેવજી સોહલા

થયો હોઇ જેથી મહંત ખુબ કંટાળી ગયા હતાં અને તા. ૧/૬/૨૧ના રોજ

(અનુ.પાના નં.૪ ઉપર)

### નગરપાલિકા વિસ્તારમાં ધંધાર્થીઓએ છેલ્લા ૧૦ દિવસમાં વેક્સિન, ટેસ્ટીંગનો રિર્પોટ નહીં હોય તે દુકાન બંધ કરાશે : પરિમલ પંડયા

એડિશનલ કલેકટર પરિમલ પંડયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટમાં દરરોજ ૮ થી ૧૦ હજાર લોકોને વેક્સિન અપાય છે. ૧ મહિના પછી દરરોજ ૨૦ હજાર જેટલા લોકોને વેક્સિન આપવાની કામગીરી ઝડપથી બનાવવામાં આવશે. નગરપાલિકા વિસ્તારના ધંધાર્થીઓએ રસી નહીં લીધી હોય, છેલ્લા ૧૦ દિવસમાં ટેસ્ટીંગનો રિર્પોટ નહીં હોય તેવા ધંધાર્થીઓને દુકાન બંધ કરાશે. જયાં સુધી કોરોના ટેસ્ટ નહીં કરાવાય કે રસી નહીં મુકાવાય ત્યાં સુધી દુકાન ખોલવા દેવામાં નહીં આવે. શાકભાજી, હોટલ-રેસ્ટોરન્ટ, પાનના ગલ્લા, ચા કીટલી, બ્યુટી પાર્લરો, હેર સલુન, ખાનગી સિકયુરીટી, સ્વરોજગારી મેળવનારા કર્મીઓએ રસી મુકાવવાની રહેશે.

# રસી નહીં તો ધંધો નહીં

# દરેક વેપારી-ધંધાર્થીઓએ સ્થળ પર કોવિડ નેગેટીવનો રિર્પોટ રાખવો ફરજીયાત

### ૧૦ દિવસથી વધુ સમયનો ન હોય તેવો રિર્પોટ રાખવો પડશે : કલેકટરનો આદેશ, વેક્સિનનો એક ડોઝ લઇ લેનાર લોકોને જાહેરનામું લાગુ થશે નહીં

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૯

રાજકોટ શહેર અને જિલ્લામાં કોરોનાના સંક્રમણને અટકાવવાની રાજય અને કેન્દ્ર સરકારની ગાઇડલાઇન્સના ભાગ રૂપે રાજકોટ જિલ્લા કલેકટરે આજે એક મહત્વનું પગલુ ભરીને જાહેર કર્યુ છે કે, શહેર અને જિલ્લાના તમામ વેપારીઓ, નાના-મોટા ધંધાર્થીઓ અને લારી-ગલ્લાવાળાઓએ કોવિડ નેગેટીવ હોવા અંગેનો તાજો રીર્પોટ એમના કામ ધંધાના સ્થળ પર ફરજીયાત રાખવાનો રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ગુજરાત એપીડીમીકટ ડીસીઝ કોવિડ રેગ્યુલેશન તેમજ ભારતીય દંડ સહિતાની કલમ તેમજ ડિઝાસ્ટ મેનેજમેન્ટ એકટ મુજબ કડક કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લા કલેકટરે બહાર પાડેલા જાહેરનામામાં સ્પષ્ટ દર્શાવ્યું છે કે, રસીનો ડોઝ લીધો હોય એવા ઇશમને આ હુકમ લાગુ થશે નહીં. રસીકરણ બદલનું પ્રમાણ પત્ર અધિકૃત અધિકારી માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે.

કલેકટરના જાહેરનામાં અનુસાર આવા દરેક વેપારી, છુટક અને જથ્થાબંધ વિક્રેતા વગેરેએ કોવિડ નેગેટીવ હોવા બાબતનો ૧૦ દિવસથી વધુ સમયનો ન હોય એવો રીર્પોટ ધંધાના સ્થળે ફરજીયાત રાખવાનો રહેશે. જે લોકોને આ હુકમનામું લાગુ પડે છે એમની યાદી નીચે મુજબ છે.

શાકભાજીના છુટક-જથ્થાબંધ વિક્રેતા, હોટેલ-રેસ્ટોરામાં કામ કરતા તમામ, ખાણીપીણીની લારી-ગલ્લાવાળા, રીક્ષા-ટેક્ષી-કેબવાળા તેમજ ભાડે ફરતા વાહનોના ડ્રાઇવર અને કલીનર, પાનના ગલ્લાવાળા તથા ચાની કીટલી અને દુકાનવાળા, હેર સલુન તથા બ્યુટી પાર્લરમાં કામ કરનારા, ખાનગી સિકયુરીટી એજન્સીના ગાર્ડઝ તથા સ્ટાફ, સ્વરોજગાર મેળવતા કારીગરો જેવા કે સુથાર, લુહાર, ઇલેકટ્રીકટ્રીસ્યન, પલમ્બર, ટેકનીસયનો વગેરે, સોંપીગ મોલ અને સોંપીગ કોમ્પ્લેક્ષમાં વેચાણ તથા વિતરણ કરતા ઇશમો આ બધાને રીર્પોટ સાથે રાખવાનો હુકમ લાગુ પડશે. તા.૯ જુનથી ૩૦ જુન સુધી જાહેરનામાંનો અમલ ચાલુ રહેશે.

## મોલના કર્મચારીઓ અને ફૂડ ડીલીવરી બોયને વેક્સિન લેવા મનપાની અપીલ

## ગુજરાતમાં નિર્ધારીત કરતા ૬ દિવસ અગાઉ ચોમાસાના પગરણ, વલસાડમાં વરસાદ શરૂ

### સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી ૫ દિવસમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

### સૌરાષ્ટ્રમાં સોમવારે મહુવા, અમરેલી, ખાંભામાં અમીછાંટણા : હળવા વરસાદ આગાહી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૯

ગુજરાતમાં નિર્ધારીત સમય કરતા ૬ દિવસ અગાઉ ચોમાસુ આજે વલસાડ પહોંચી ગયું છે. આજે સવારથી ભારે વરસાદ શરૂ થઇ જતા વલસાડથી વાપી સુધીની પટ્ટી પર ઠેર-ઠેર પાણી ભરાઇ ગયા હતા. ચોમાસુ બેસી ગયું છે પણ વહેલુ બેસયું છે. આગામી ૫ દિવસ દરમ્યાન સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે.

સુરત, નવસારી, ભરૂચ, વાપી, વલસાડ, ડાંગ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ તુટી પડવાની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં હળવો વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. સોમવારે સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ઝાપટા પડયા હતા. મોરબી, અમરેલી અને ખાંભા જેવા વિસ્તારોને વરસાદ પડયો હતો. ખેડૂતો વાવણીની તૈયારીઓમાં પડી ગયા છે. હવામાન ખાતાએ ચોમાસુ સારૂ અને નિયમીત રહેવાની આગાહી કરી હોવાથી ખેડૂતો ખુશખુશાલ થઇ ઉઠયા છે.

## રાજકોટમાં ૨૪ કલાકમાં ૨ દર્દીઓના મૃત્યુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૯

રાજકોટમાં કોરોના કેસની સંખ્યા ઘટી રહી છે. કુલ કેસની સંખ્યા ૪૨૪૦૪ પર પહોંચી છે. ગઇકાલે ૧૭ દર્દી કોરોનામુકત થતા ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. હાલ રસીકરણ પુરી માત્રામાં ન થતા હવે જે આરોગ્ય કેન્દ્રમાં સ્લોટ ખાલી હશે ત્યાં જશો તો આરોગ્ય કર્મી રજીસ્ટ્રેશન કરી આપશે અને સ્લોટ બુક કરવાની મદદ કરી ત્યારે જ તમને રસી આપી દેશે. રાજકોટમાં ૨૪ કલાકમાં ૨ દર્દીના મોત નીપજ્યા છે. જોકે આ અંગે આખરી નિર્ણય ડેથ ઓડિટ કમિટી દ્વારા લેવામાં આવશે.

## રાજકોટના બાળકો-તરૂણો માટેના મેદાનો એટલે આત્મા વગરના ખોળીયા



**રમત ગમત માટે ગણ્યા ગાંઠયા મેદાનો બચ્યાં છે એ પણ દબાણોનો શિકાર, શારા સમયમાં બાળકોને ખેલકુદનું કૌશલ્ય વિકસાવવાની તકને જ રૂંધી નખાઇ, રેસકોર્ષ અને શાસ્ત્રી મેદાન જેવા વિસ્તારો એટલે કચરાની ડમ્પીંગ સાઇટ તેમજ પાથરાણા અને ફુગ્ગાવાળાઓનું ધરાર નિવાસ સ્થાન, તંત્ર વાહકો દ્વારા શહેરના બાળકો અને તરૂણો માટે મેદાનોને ચોખ્ખા બનાવવા જરૂરી**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટ શહેર વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ ચારેય દિશામાં સતત વિસતરતુ અને ફેંલાતુ જાય છે. જાત જાતની સુવિધાઓ, બાગ-બગીચા, ટાઇલ્સથી મઢેલી ફુટપાથો અને બેઠક વ્યવસ્થા જેવી સુવિધાઓનો દાવો કરીને મહાનગરના નિયોજકો પોરસાતા રહે છે અને શહેર ઝડપથી વિકાસ કરી રહયું હોવાનું કહીને એક બીજાની પીઠ થાબડતા રહે છે. એ ભલે એક બીજાની પીઠ પર હાથ પસવારતા રહે તેની સામે કોઇને વાંધો નથી પરંતુ વિકાસની આ યાત્રામાં એક મહત્વની સુવિધા આપણી ભાવી પેઢીના હાથમાંથી સરી જતી કોઇને દેખાતી નથી એ ઘણી દુ:ખદ હકિકત છે. કોઇ પણ શહેર રમત-ગમતની વ્યવસ્થા ધરાવતા ચોખ્ખા અને સાફસુતરા મેદાન વગર અધુરૂ ગણાય છે. આમ પણ રાજકોટ શહેરમાં બાળકો અને તરૂણો માટે રમત-ગમતનું કૌશલ્ય વિકસાવવા માટે મેદાનોની પહેલેથી અછત રહી છે. આંગણીના વેઢે ગણાય એટલા જ મેદાનો બચ્યા છે અને જે રહી સહી ગયા છે એ પણ આત્મ વગરના ખોળીયા જેવા થઇ ગયા છે. આ પરિસ્થિતિ તરફ નગર નિયોજકોનું પણ કદી ધ્યાન ગયું નથી એ વિચાર કરીને મીડિયા જેટલુ આશ્ચર્ય ચકિત છે એટલા જ વાલીઓ પણ દુ:ખી અને સ્તબ્ધ છે.

અત્યારે તો કોરોના મહામારીને કારણે બહુ ભીડ ભેગી કરી શકાતી

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.